।। कोबातीर्थमंडन श्री महावीरस्वामिने नमः ।।

।। अनंतलब्धिनिधान श्री गौतमस्वामिने नमः ।।

।। गणधर भगवंत श्री सुधर्मास्वामिने नमः ।।

।। योगनिष्ठ आचार्य श्रीमद् बुद्धिसागरसूरीश्वरेभ्यो नमः ।।

।। चारित्रचूडामणि आचार्य श्रीमद् कैलाससागरसूरीश्वरेभ्यो नमः ।।

# आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

## पुनितप्रेरणा व आशीर्वाद

## राष्ट्रसंत श्रुतोद्धारक आचार्यदेव श्रीमत् पद्मसागरसूरीश्वरजी म. सा.

## जैन मुद्रित ग्रंथ स्केनिंग प्रकल्प

ग्रंथांक : १

**श्री महावीर जैन आराधना केन्द्र**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-श्री महावीर जैन आराधना केन्द्र
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-३८२००७ (गुजरात)
(079) 23276252, 23276204
फेक्स : 23276249
**Websiet :** www.kobatirth.org
**Email :** Kendra@kobatirth.org

**शहर शाखा**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
शहर शाखा
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
त्रण बंगला, टोलकनगर
परिवार डाइनिंग हॉल की गली में
पालडी, अहमदाबाद – ३८०००७
(079) 26582355

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir

॥ श्री नमिनाथ स्वामीने नमः ॥

# શ્રી અંતરાય કર્મ નિવારણ પૂજા

## અર્થ તથા અષ્ટ પ્રકારી પૂજાના દૃષ્ટાંત સાથે

વિમલ ગચ્છીય પૂ. પા. સાધ્વીજી મહારાજશ્રી
રૂપશ્રીજીની શિષ્યા

ગુરૂણીજી મહારાજ શ્રી શાંતિશ્રીજીના
સદુપદેશથી

છપાવી પ્રસિદ્ધ કર્તા
ભાઈલાલ નાનાલાલ મશરૂવાલા
"વિજય"

પ્રત ૧૦૦૦ ] સં. ૨૦૦૭ [ માહ સુદ ૫

આ પુસ્તક જમીન ઉપર અગર જેમ તેમ મુકી આશાતના કરવી નહીં.
તેમજ તેનું પઠન પાઠન કરી આત્મહીત સાધવું.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir

# શુદ્ધિ પત્રક

| પૃષ્ટ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨ | ૧૪ | કમર | કરમ |
| ૪ | ૧૫ | પદસ્ત્રી | પરસ્ત્રી |
| ૭ | ૧૬ | મોંથાની | માથાની |
| ૯ | ૧૮ | કરતી | કરતા |
| ૧૧ | ૭ | દાનાંનરાય | દાનાતરાય |
| ૧૧ | ૨૦ | ચંદનસૂજા | ચંદનપૂજા |
| ૧૫ | ૧૮ | સંબળાવ્યું | સંભળાવ્યું |
| ૧૬ | ૧૩ | પામ્શા | પામ્યા |
| ૧૬ | છેલ્લી | નિવરાણ | નિરવાણ |
| ૨૬ | ૧૯ | પ્રતાણે | પ્રમાણે |
| ૨૭ | ૧૨ | જઉ | જીઉ |
| ૨૮ | ૪ | સ્હેતી | રહેતી |
| ૨૮ | ૧૧ | દીપકપૂજા | દીપકપૂજ |
| ૩૩ | ૩ | વિઘનુકા | વિઘનકો |
| ૩૬ | છેલ્લી | દવે | દેવ |
| ૩૮ | ૫ | વિગ્રહ | વિગ્ગહ |
| ૩૮ | ૫ | ગઇએ | ગઇઅ |
| ૩૮ | ૧૧ | દ્રવ્ય | દવ્વહ |
| ૩૯ | ૨ | અણુયોગદારા | અણુયોગદ્વારા |
| ૪૪ | ૧૫ | સુરનાર | સુરનર |

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir

# આભાર

## પ્રાતઃસ્મરણીય પૂ. પા. ગુરૂણીજી મહારાજ રૂપશ્રીજીને ચરણે.

આપના અનહદ ઉપકારને આધારે મેં મારી સંયમધુરા આજ પર્યંત નિર્વિઘ્ને પાર પાડી છે આપના સુસંસ્કારો અને ધર્મોપદેશના પરિણામે મારાથી બનતી શાસન સેવા મેં બજાવી છે કંઇક આત્માઓને મારાથી બનતું કરીને ધર્મમાર્ગે દોર્યા છે. આજે મારી વૃદ્ધાવસ્થા છે આપના અનંત ઉપકારના બદલામાં ભવ્યજીવોના હીતાર્થે આ શ્રીઅંતરાયકર્મ નિવારણ પૂજા અર્થ સાથે તથા અષ્ટ-પ્રકારી પૂજાના દૃષ્ટાંત સાથે પ્રગટ કરી પુસ્તીકા દ્વારા આપના ચરણે ધરૂં છું.

**सवी जीव करुं शासन रसी, ऐसी भाव दया दीलमां वसी.**

એ સુત્ર અંતરમાં ઉતારીને પ્રભુનું શાસન જયવંતુ વર્તો એ ભાવના ધારણ કરી વીરમું છું.

**અસ્તુ : જૈનં જયતિ શાસનમ્.**

સંવત. ૨૦૦૭
પાડાપોળ,
અમદાવાદ.

લી. આપની ચરણકીંકરી.
**પૂ. પા. સાધ્વીજી શાંતીશ્રીજીની**
વંદના.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir

# પ્રસ્તાવના.

આ પુસ્તક ભવ્ય જીવોના હીતાર્થે વીમલગચ્છીય પૂ. પા સાધ્વીજી રૂપશ્રીજીની શીષ્યા પૂ. પા. સાધ્વીજી મહારાજ શાંતીશ્રીજીના ઉપદેશથી પ્રગટ કરીએ છીએ.

આ પુસ્તક પ્રગટ કરવામાં ખુટતી આર્થીક સહાય હરસોલ નીવાસી શા. પુંજીરામ ભાયચંદે કરી છે.

મનુષ્ય ભવ જેવો ભવ પામીને ધર્મ વીહોણા માનવો વાત-વાતમાં સારા કાર્યોમાં આડી જીભ વાહીને અંતરાય કર્મ જેવું કર્મ બાંધે છે તે અંતરાય કર્મનું કેવું સ્વરૂપ છે અને તે કેવા પ્રકારે માણસને વિઘ્નરૂપ થઇ પડે છે તેમજ તેમાંથી બચવા માટે પૂ. પા. પન્યાસપ્રવર પંડીત વીરવીજયજીએ પૂજાના સ્વરૂપમાં ગુંથી જનતાના લાભાર્થે પ્રગટ કરેલ શ્રી અંતરાયકર્મ નિવારણ પૂજા તેના અર્થ અને અષ્ટપ્રકારી પૂજાના દ્રષ્ટાંત સાથે અમો પ્રગટ કરીએ છીએ.

ભવ્યજીવો આ પુસ્તક વાંચી પોતાનાથી બનતું ધર્મ કાર્ય સાધી તેમજ પોતાથી ન બને છતાં સારાં કાર્યોમાં આડું ન બોલી અંતરાય જેવું કર્મ ન બાંધે અને ભવ્યાત્મા બની ધર્મ કાર્ય સાધે એવી ભાવનાપૂર્વક આ પુસ્તિકા અર્પણ કરીએ છીએ.

ચંગપોળ ચાર રસ્તા<br>કોલીવાડાની ખડકી,<br>અમદાવાદ.

પ્રકાશક.<br>ભાઇલાલ નાનાલાલ મશરૂવાલા<br>'વિજય'

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir

# અષ્ટમ દિવસ અધ્યાપનીય અંતરાયકર્મ સૂદનાર્થં પૂજાષ્ટકં

## प्रथम जळपूजा.

### દુહા.

શ્રી શંખેશ્વર શિર ધરી, પ્રણમી શ્રી ગુરૂપાય;
વાંચ્છિતપદ વરવા ભણી, ટાળીશું અંતરાય. ૧.
જિમ રાજા રીઝયો થકો, દેતાં દાન અપાર;
ભંડારી ખીજ્યો થકો, વારંતો તેણિવાર. ૨.
તિમ એ કર્મઉદયથકી, સંસારી કહેવાય;
ધર્મ કર્મ સાધન ભણી, વિઘન કરે અંતરાય, ૩.
અરિહાને અવલંબીને, તરિયે ઇણ સંસાર;
અંતરાય ઉચ્છેદવા, પૂજા અષ્ટ પ્રકાર. ૪.

### ઢાળ.

( આંબાના વડલા. હેઠે ભર્યા રે, સરોવર લહેરો લે છે રે—એ દેશી. )

જળપૂજા કરી જિનરાજ, આગળ વાત વીતી કહો રે; કહેતાં નવિ આણો લાજ, કર જોડીને આગળ

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



રહો રે. જળ૦ ૧. જિન પૂજાનો અંતરાય, આગમલોપી નિંદા ભજી રે; વિપરીત પરૂપણા થાય, દીનતણી કરૂણા તજી રે. જળ૦ ૨. તપસી ન નમ્યા અણગાર, જીવતણી મેં હિંસા સજી રે; નવિ મળિયો આ સંસાર, તુમ સરિખો રે શ્રી નાથજી રે. જળ૦ ૩ રાંક ઉપર કીધો કોપ, માંઠાં કર્મ પ્રકાશિયા રે, ધર્મે મારગનો લોપ, પરમારથ કેતાં હાંસિયા રે. જળ૦ ૪. ભણતાંને કર્યો અંતરાય, દાન દિયંતા મેં વારિયા રે, ગીતારથને હેલાય, જૂઠ બોલી ધન ચોરિયા રે. જળ૦ ૫. નર પશુઆં બાળક દીન, ભૂખ્યાં રાખી આપે જમ્યો રે; ધર્મવેળાએ બળહીન, પરદારાશું રંગે રમ્યો રે. જળ૦ ૬. કૂડે કાગળિયે વ્યાપાર, થાપણ રાખીને ઓળવી રે; વેચ્યા પરદેશ મોઝાર, બાળ કુમારિકા ભોળવી રે, જળ૦ ૭. પંજરિયે પોપટ દીધ, કેતી વાત કહું ઘણી રે; અંતરાય કમર એમ કીધ, તે સવિ જાણો છો જગધણી રે; જળ૦ ૮. જળ પૂજંતી દ્વિજનારી, સોમસિરિ મુગતિ વરી રે; શુભવીર જગત આધાર, આણા મેં પણ શિર ધરિ રે. જળ૦ ૯

॥ काव्यं ॥

तीर्थोदकैर्मिश्रितचंदनौघैः, संसारतापाहतये सुशीतैः ।
जराजनीप्रांतरजोऽभिशांत्यै, तत्कर्मदाहार्थमजं यजेऽहं ॥१॥

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



॥ द्रुतविलंबितवृत्तद्वयम् ॥

सुरनदीजलपूर्णघटैर्घनै-र्घुसृणमिश्रितवारिभृतैपरैः ।
स्नपय तीर्थकृतं गुणवारिधिं, विमलतां क्रियतां च निजात्मनः ॥१॥
जनमणोमणिभाजनभारया, शमरसैकसुधारसधारया ।
सकलबोधकलारमणीयकं, सहजसिद्धमहं परिपूजये ॥२॥

मंत्र-ॐ ह्रीँ श्री परम० परमे० जन्म० श्रीमते० विघ्नस्थानकोच्छेदनाय जलं यजामहे स्वाहा ॥

## પહેલી જળપૂજાનો અર્થ

## દુહાનો અર્થ.

શ્રીશંખેશ્વર પરમાત્માને ચરણે નમસ્કાર કરી, સદ્‌ગુરૂના ચરણમાં પ્રણામ કરી વાંચ્છિતપદને મેળવવા માટે અંતરાયકર્મને ટાળશું. ૧. જેમ રાજા રીઝ્યો હોય અને પુષ્કળ દાન આપવા ભંડારીને હુકમ કરે, પણ જો ભંડારી ખીજેલો હોય તો રાજાને વારે અથવા આપતાં વિલંબ કરે તેમ આ અંતરાયકર્મના ઉદયથી જીવ સંસારી કહેવાય અને ધર્મકાર્ય કરતાં અંતરાયકર્મ વચ્ચે વિઘ્ન કરે-કરવા ન દે. ૨-૩. અરિહંતના આલંબનથી આ સંસાર તરી જવાય તેમ છે, તેથી અંતરાયકર્મનો ઉચ્છેદ કરવા માટે હું શ્રી જિનેશ્વરની અષ્ટપ્રકારી પૂજા કરૂં છું ૪.

## ઢાળનો અર્થ.

શ્રી જિનેશ્વરની જળપૂજા કરીને તેમની આગળ આપણી પોતાની વીતેલી વાતો કહો. તે કહેતાં મનમાં જરા પણ લજ્જા

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



આણુશો નહીં. હાથ જોડી પ્રભુ આગળ ઉભા રહીને કહેજો. ૧. (હવે અંતરાયકર્મ કયા કયા કારણો સેવવાથી મેં બાંધ્યું છે અથવા બંધાય છે તે કહે છેઃ— )

જિનપૂજામાં અંતરાય કર્યો, આગમ લોપ્યા, પારકી નિંદા કરી, વિપરીત પ્રરૂપણાઓ કરી, દીન ઉપરની કરૂણા તજી દીધી, તપસ્વી એવા મુનિને નમસ્કાર ન કર્યા, જીવોની હિંસા કરી. હે પરમાત્મા ! આ સંસારમાં તમારા જેવો નાથ મને મળ્યો નહીં તેનું આ પરિણામ છે. ૨—૩. વળી મેં રાંક ઉપર કોપ કર્યો, કોઈનાં માઠાં કર્મો પ્રકાશિત કર્યાં, ધર્મમાર્ગોનો લોપ કર્યો, પરમાર્થની વાતો કરનારની હાંસી કરી, ભણનારને ભણવામાં અંતરાય કર્યો, કોઇ દાન દેનારને વાર્યા-દાન દેવા ન દીધું, ગીતાર્થોની હેલણા કરી જૂઠું બોલ્યો, પારકું દ્રવ્ય ચોર્યું, સેવકો, પશુઓ, બાળકો ને દીનજનોને ભૂખ્યા રાખીને પોતે જમ્યો, ધર્મ કરતી વખતે બળહીન થયો અને પરસ્ત્રી સાથે આનંદથી રમ્યો. (તે વખત બળ આવ્યું ), ખોટા કાગળો (હુંડીઓ) લખીને વ્યાપાર કર્યો, પારકી થાપણ રાખીને ઓળવી, નાના બાળકોને અને કુંવારી કન્યાઓને ભોળવીને પરદેશમાં વેચ્યા. પોપટને પાંજરામાં પૂર્યાં. હે પરમાત્મા ! આવી કેટલીક વાત કરૂં ? મેં આવા અનેક પ્રકારોવડે કરીને અંતરાયકર્મ બાંધ્યું. હે નાથ ! હે જગધણી ! આપ તે બધી હકીકત જ્ઞાનવડે જાણો છો. ૪–૮. પ્રભુની જળપૂજા કરવાથી સોમશ્રી બ્રાહ્મણી મુક્તિપદને પામી છે. શ્રી શુભવીર પરમાત્મા જગતના આધારભૂત છે, તેમની આજ્ઞા મેં પણ મસ્તકે ધારણ કરી છે. ૯.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



કાવ્યનો અર્થ પૂર્વવત.

મંત્રનો, અર્થ પૂર્વવત, તેમાં એટલું ફેરવવું કે—અંતરાયકર્મ બાંધવાના સર્વે કારણોનો ઉચ્છેદ કરવા માટે અમે પ્રભુની જળપૂજા કરીએ છીએ.

## જલપૂજાનું દૃષ્ટાંત.

સોમશ્રી નામે બ્રાહ્મણની સ્રી જલપૂજાના પ્રભાવે પાંચમે ભવે મુક્તિ પદ પામી. તેની બીના ટુંકામા આ પ્રમાણે ભરતક્ષેત્રમાં બ્રહ્મપુર નામનું નગર હતું. ત્યાં સોમિલ નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તેને સોમા નામે સ્ત્રી હતી. પુત્રનું નામ યજ્ઞવકત્ર અને તેની (યજ્ઞવકત્રની) સ્રીનું નામ સોમશ્રી હતું. એક વખત દૈવયોગે સોમિલ મરણ પામ્યો. તેની ઉત્તર ક્રિયા થયા બાદ સોમાએ (પુત્ર વધૂ) સોમશ્રીને કહ્યું કે—હે સોમશ્રી! દ્વાદશીનું દાન દેવા માટે તમારા સસરાની ક્રિયા નિમિત્તે જળ ભરી લાવો? સાસુના કહેવા પ્રમાણે સોમશ્રી બીજી પાડોશણ સ્રીઓની સાથે જળ લેવા ગઇ. પાણીનો ઘડો ભરીને આવતાં શ્રી દેવાધિદેવ પ્રભુના મંદીરની પાસે થઇને નીકળી. તેવામાં સ્વભાવે તેણે મુનિવરની પવિત્ર દેશના આ પ્રમાણે સાંભળી કે "જે ભવ્ય જીવ નિર્મલ પાણીનો ઘડો ભરીને ઉલ્લાસથી શ્રી વીરતાગ દેવની આગળ સ્થાપન કરે તે જરૂર મોક્ષપદ પામે" આ દેશના સાંભળીને સોમશ્રીએ તે જલનો ભરેલો ઘડો જિનમંદીરમાં જઇને પ્રભુની પાસે મૂકયો, ને બંને હાથ જોડી ભક્તિ ભાવથી બોલી કે—"હે પ્રભો! હું અણ સમજું છું તેથી આપની સ્તુતિ કઇ રીતે કરૂં? આ

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



જલનો ઘડો ચડાવવાથી જે પુણ્ય (લાભ) થતું હોય તે મને મલજો” સાથેની બીજી સ્ત્રીઓએ (સોમશ્રી ઘેર આવ્યા પહેલાં) આ બીના તેની સાસુને જણાવી દીધી. જ્યારે પાછળથી સોમશ્રી ઘેર આવી ત્યારે ક્રોધથી ધમધમીને સોમાએ કહ્યું કે-હે દુષ્ટા! હું તને ઘડા વગર ઘરમાં નહિ પેસવા દઉં. અરે ભોલી! હજુ પિતૃઓને તર્પણ કરવાનું અને અગ્નિને તૃપ્ત કરવાનું તથા બ્રાહ્મણોને દાન દેવાનું કામ બાકી છે, તે પહેલાં પાણીનો ઘડો જિન મંદીરમાં કેમ મૂકી આવી? સાસુના ક્રોધ ભરેલાં આ વચનો સાંભળીને સોમશ્રી રોઈ ગઈ. તે રોતી રોતી ઘડો લેવા માટે એક કુંભારને ત્યાં ગઈ તેણે કુંભારને કહ્યું કે-હે ભાઈ! આ કંકણના બદલામાં તું મને એક ઘડો આપ. કુંભારે કહ્યું કે-તું રોતી રોતી ઘડો કેમ માગે છે? ત્યારે સોમશ્રીએ તમામ બીના કુંભારને જણાવી. કુંભારે રાજી થઈને કહ્યું કે-હે બેન! તું મહાભાગ્યશાળી છું કે જેણીએ ઉત્તમ ભાવથી શ્રી જીનેશ્વર દેવની જલ પૂજા કરી મને ખાત્રી છે કે તું થોડા ભવમાં નિર્વાણ પદ પામીશ. કારણકે પ્રભુ પૂજાએ આત્મ કલ્યાણ કરવાનાં સાધનોમાં મુખ્ય સાધન કહ્યું છે. આ પ્રમાણે કુંભારે જલ પૂજાની અનુમોદના કરી. ધ્યાન રાખવું કે અપેક્ષાએ અનુમોદના પણ સંસાર સાગર તરી જવા વગેરે વિશિષ્ટ ફલ દેવા સમર્થ નીવડે છે. (આ વાત અહીંજ આગળ સ્પષ્ટ સમજાશે) આ અનુમોદના કરવાથી કુંભારે મહા પુણ્યાનું બંધિ પુણ્યનો બંધ કર્યો. ત્યાર બાદ કુંભારે કહ્યું કે હું તને બીજો ઘડો આપું છું. તે લઈજા. મુલ્ય દેવાની જરૂર નથી. બેનનું કંકણ લેવાય નહીં. સોમશ્રીએ અહીંથી ઘડો લઈ તેમાં પાણી ભરીને

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



ઘેર જઇ સાસુને આપ્યો. આથી સોમાનો ક્રોધાગ્નિ શાંત થયો, અને પશ્ચાતાપ કરવા લાગી. પણ સોમશ્રીએ કરેલી જિનરાજની જલ પૂજા સાંભળીને દ્વેષ કર્યો. તેથી સોમાને આગલા એક ભવમાં ભોગવી શકાય, તેવા તિવ્ર પાપકર્મનો બંધ તે (પશ્ચાતાપ કર્યા) પહેલાંજ પડી ચૂકયો હતો. જલ પુજાની અનુમોદના કરનાર કુંભાર (નો જીવ) કુંભપુર નગરમાં શ્રીધર નામે રાજા થયો. તેને શ્રીદેવી નામે રાણી હતી. સોમશ્રી મરણ પામીને જલ પૂજાના પ્રભાવે આ શ્રીધર રાજાની કુંભશ્રી નામે પુત્રી થઈ અપૂર્વ રાજ્ય વૈભવને ભોગવવા લાગી. એક વખત અહીં ચાર જ્ઞાન વાળા શ્રી વિજય સેન સુરીજી મહારાજ પધાર્યા રાજા શ્રીધરને આ વાતની ખબર પડી. જેથી કુંભશ્રી કુંવરી વગેરે પરિવારને સાથે લઈને તે પગે ચાલતાં શ્રીગુરૂ મહારાજને વંદન કરવા નીકળ્યા. ગુરૂ પાસે આવીને ત્રણ પ્રદક્ષિણા દઈને સર્વે ઉચિત સ્થાને બેઠા અહીં રાજા એક સ્રીને જુએ છે. તેનું શરીર બહુજ મળથી ભરેલું અને ધૂળથી ખરડાયેલું હતું. તેના મોથાની ઉપરના ભાગમાં રસોળીની જેવો ઘડાના આકારે ઉંચો માંસપિંડ નીકળ્યો હતો. આ સ્થિતિમાં પણ તે રોગાદિની પીડાથી ઘણીજ હેરાન થતી હતી. જ્યારે નજીકમાં આવી ત્યારે રાજાએ આચાર્ય મહારાજને પૂછયું કે આ રાક્ષસી જેવી ભયજનક સ્રી કોણ છે? જવાબમાં જણાવ્યું કે-(એ) મારા નગરમાં જે વેણુદત્ત નામે દરિદ્રી ગૃહસ્થ રહે છે, તેની એ પુત્રી થાય. આનો જન્મ થયો કે તરતજ તેના માતા પિતા મરણ પામ્યાં. ઘણીજ દુઃખી હાલતમાં આ સ્રી પોતાનું જીવન ગુજારે છે. આ સાંભળી રાજાને કર્મની વિચિત્રતાનો બરોબર ખ્યાલ આવ્યો. અવસરે

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



તે દુઃખી સ્ત્રીએ ગુરૂને પૂછયું કે–હે ભગવાન્ ! મેં પાછલા ભવમાં એવું શું પાપ કર્મ બાંધ્યું હતું કે જેના ઉદયે હું આવી દુઃખમય સ્થિતિ પામી. જવાબમાં ગુરૂ મહારાજે કહ્યું કે તું પાછલા ભવમાં સોમા નામની બ્રાહ્મણી હતી, તે વખતે તારા પુત્રની સ્ત્રીએ શ્રી જિનેશ્વર દેવની જલ પૂજા કરી, તે ઉપર તેં દ્વેષ કર્યો, તેથી ભયંકર નિબિડ પાપ કર્મ બાંધ્યું. જેના પરિણામે તું આવાં ભયંકર દુઃખ ભોગવે છે. ઘણું પાપકર્મ ભોગવાઇ ગયું છે. સોમશ્રી જલપૂજાના પ્રભાવે કુંભશ્રી નામે રાજકુંવરી થઇ, તે તેના પિતાની સાથે અહીં બેઠી છે. આ બીના સાંભળીને કુંભશ્રી ઘણી રાજી થઈ. તે રાજકુંવરી એ કુંભારની બીના પૂછી તેના જવાબમાં કહ્યું કે તારી જલપૂજાની અનુમોદના કરી તેના પ્રભાવે તે મરીને (આ તારો પિતા) શ્રીધર નામે રાજા થયો. આ સાંભળીને રાજા પણ ઘણો ખૂશી થયો. પૂર્વે કરેલા સુકૃત દુષ્કૃતનો વિશેષ વિચાર કરતાં ત્રણે (રાજા–કુંવરી–દુઃખી સ્ત્રી) જણાને જાતિ સ્મરણ જ્ઞાન થયું તેથી તેમને ખાત્રી થઇ કે ગુરૂએ કહેલી બીના તદ્દન સાચી છે. કુંભશ્રીએ તે દુઃખી સ્ત્રીના માથે હાથ ફેરવીને મસ્તકનો વ્યાધિ દુર કર્યો. જલપૂજાનો પ્રભાવ જાણી કુંભશ્રી કુંવરી પ્રભુ પૂજા વિશેષ કરવા લાગી છેવટે સમાધિ મરણ પામી ઇશાન દેવલોક ગઇ. ત્યાં દેવતાઇ સુખ ભોગવીને મનુષ્ય ભવ પામસે. ત્યાંથી આગળ ચોથે ભવે દેવ થશે અને ત્યાંથી પાંચમે ભવે મુક્તિ પદ પામશે.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



# द्वितीय चंदनपूजा.

## દુહા

શીતળ ગુણ જેમાં રહ્યો, શીતળ પ્રભુમુખરંગ;
આત્મ શીતળ કરવા ભણી. પૂજો અરિહાઅંગ. ૧.
અંગવિલેપન પૂજના, પૂજો ધરી ઘનસાર;
ઉત્તરપયડી પાંચમાં, દાનવિઘન પરિહાર. ૨.

## ઢાળ

( કામણગારો એ કુકડા રે–એ દેશી.)

કરપી ભૂંડો સંસારમાં રે, જેમ કપીલા નાર; દાન ન દીધું મુનિરાજને રે, શ્રેણિકને દરબાર. કરપી૦ ૧. કરપી શાસ્ત્ર ન સાંભળે રે, તિણે નવિ પામે ધર્મ; ધર્મ. વિના પશુ પ્રાણિયા રે, છંડે નહીં કુકર્મ. કરપી૦ ૨ દાનતણા અંતરાયથી રે. દાનતણા પરિણામ; નવિ પામે ઉપદેશથી રે, લોક ન લે તસ નામ. કરપી૦ ૩. કૃપણતા અતિ સાંભળી રે. નાવે ઘર અણગાર; વિશ્વાસી ઘર આવતા રે, કલ્પે મુનિ આચાર. કરપી૦ ૪. કરપી લક્ષ્મીવંતને રે, મિત્ર સજ્જન રહે દૂર; અલ્પધની ગુણ દાનથી રે, વંછે લોક પંડુર. કરપી૦ ૫. કલ્પતરૂ કનકાચળે રે, નવિ કરતો ઉપગાર; તેથી મરૂધર રૂડો કેરડો રે, પંથગ છાંય લગાર. કરપી૦ ૬. ચંદનપૂજા ધન વાવરે રે, ક્ષયઉપશમ અંતરાય; જિમ જયસૂર ને શુભ–

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



મતિ રે, ક્ષાયક ગુણ પ્રગટાય, કરપી૦ ૭.શ્રાવક દાન ગુણે કરી રે. તુંગીયા ભંગ દુવાર; શ્રીશુભવીરે વખાણિયા રે, પંચમ અંગ મોઝાર. કરપી૦ ૮.

॥ काव्यं ॥

जिनपतेर्वरगंधसुपूजनं, जनिजरामरणोद्भवभीतिहृत् ।
सकलरोगवियोगविपद्धरं, कुरु करेण सदा निजपावनं । ॥ १ ॥
सहजकर्मकलंकविनाशनै–रमलभावसुवासनचंदनैः ।
अनुपमानगुणावलिदायकं, सहजसिद्धमहं परिपूजये ॥ २ ॥

मंत्र–ॐ ह्रीँ श्रीँ परम० परमे० जन्म० श्रीमते० दानांतरायनिवारणाय चंदनं यजामहे स्वाहा ॥

## બીજી ચંદન પૂજાનો અર્થ.

## દુહાનો અર્થ.

જેમનામાં શીતળ ગુણ રહેલો છે અને જેમના મુખનો રંગ પણ શીતળ છે–શાંત છે એવા પરમાત્માના અંગની આત્માને શીતળતા કરવા માટે (શીતળ દ્રવ્યથી) પૂજા કરો. ૧. પ્રભુના અંગે ઘનસારવડે વિલેપન પૂજા કરો જેથી અંતરાય કર્મની પાંચ ઉત્તરપ્રકૃતિમાંથી પહેલી દાનાંતરાય પ્રકૃતિનો પરિહાર–નિવારણ થાય. ૨.

## ઢાળનો અર્થ.

આ સંસારમાં કૃપણ મનુષ્ય અત્યંત ભૂંડો કહેવાય છે. જેમ કપિલા દાસી કે જેણે શ્રેણિક રાજાના દરબારમાં રાજાનો

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



હુકમ થયા છતાં પણ મુનિરાજને દાન દીધું નહીં–દેવાની ચોખી ના પાડી. ૧. કૃપણ મનુષ્યો શાસ્ત્રો સાંભળતા નથી અને તેથી ધર્મ. પામતા નથી. ધર્મ સાંભળવા જઇએ તો ગુરૂ કાંઇક ખર્ચ કરવાનું બતાવશે એટલા માટે તે ગુરૂ પાસે જ જતા નથી, તેથી ધર્મ પામ્યા વિના તે પશુ–પ્રાણી જેવા રહે છે અને કુકર્મોને છાંડતા નથી. ૨. પૂર્વે કોઇને દાન દેતાં અંતરાય કર્યો હોય તો તેથી આ ભવમાં દાનાંતરાયનો ઉદય થાય છે, અને તેવા મનુષ્યો ગુરૂના ઉપદેશથી પણ દાનગુણ પામી શકતા નથી. લોકો પ્રભાતમાં તેનું નામ પણ લેતા નથી. કોઈ માણસ અતિ કૃપણ છે એમ સાંભળે છે તો મુનિરાજ પણ તેને ઘરે વહોરવા જતા નથી; કારણ કે વિશ્વાસુને[૧] ઘરે જ વહોરવા જવાનો મુનિરાજનો આચાર છે–ત્યાં જવું જ તેમને કલ્પે છે. ૪. કૃપણ લક્ષ્મીવંત હોય છતાં તેના મિત્રો–સ્વજનો તેનાથી દૂર રહે છે, અને અલ્પધનવાળો પણ જો દાની હોય છે તો લોકો તેની ઉજ્વળતાને ચાહે છે–વાંચ્છે છે. (તેની પાસે જાય છે.) ૫. કલ્પવૃક્ષ જો કે મેરૂપર્વત ઉપર રહેલા છે પણ તે ઉપકાર કરી શકતા નથી તેથી શા કામના છે? તે કરતાં તો મારવાડમાં રહેલો કેરડો સારો છે કે જે પંથીજનોને થોડી પણ છાયા આપે છે ૬. અંતરાયકર્મનો જેને ક્ષયોપશમ થયો હોય છે તે પ્રભુની ચંદનસૂજામાં ધન વાપરી શકે છે અને જેમ જયસૂરને શુભમતિએ પ્રભુની ભક્તિ કરીને પરિણામે ક્ષાયક ગુણ પ્રગટાવ્યા તેમ તે પ્રગટાવે છે. ૭. દાનના ગુણે કરીને શોભતા એવા તુંગિયાનગરીના શ્રાવકોના દ્વાર નિરંતર યાચકો માટે

---

૧. અહીં અતિ કૃપણને અવિશ્વાસુની પંક્તિમાં ગણ્યો છે.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



ખુલ્લા રહેતા હતા, એમ કહીને પાંચમા અંગે શ્રી ભગવતી-સૂત્રમાં શ્રીશુભવીર પરમાત્માએ તેના વખાણ કર્યા છે-તેને પ્રશંસ્યા છે. ૮.

કાવ્યનો અર્થ પૂર્વવત્.

મંત્રનો અર્થ પૂર્વવત્, તેમાં એટલું ફેરવવું કે-દાનાંતરાયના નિવારણ માટે અમે પ્રભુની ચંદનપૂજા કરીએ છીએ.

## ચંદનપૂજાનું દષ્ટાંત.

ચંદન પૂજાના પ્રભાવે જયસૂર રાજા અને શુભમતિ રાણી અનંત સુખમય મુક્તિ પદ પામ્યા. તે બીના ટુંકામાં આ પ્રમાણે જાણવી :—રાજા જયસુર વૈતાઢય ગિરિની ઉપર દક્ષિણ શ્રેણીમાં ગજપુર નગરના વિદ્યાધર રાજા હતા, તેમને શુભમતિ નામે રાણી હતી. એક વખત ત્રીજા દેવલોકમાંથી ચવીને એક સમ્યગ્દૃષ્ટિ દેવ તેના ગર્ભમાં આવ્યો. ઉત્તમ ગર્ભના પ્રભાવે રાણીને દોહલો થયો કે ‘ હું રાજાજીની સાથે અષ્ટાપદ તીર્થે જઇ પ્રભુદેવની પૂજા કરૂં ? આ બીના રાણીએ રાજાને કહી જેથી બંને જણા વિમાનમાં બેસીને અષ્ટાપદ પર્વત ઉપર આવ્યા. અહીં રાણીએ શ્રી જીનેશ્વર પ્રભુની પરમોલ્લાસથી પૂજા કરી અને ચંદનપૂજા ઠાઠમાઠથી સવિસ્તર કરી પછી નીચે ઉતરતાં એક દિશામાંથી દુર્ગંધ આવી તપાસ કરતાં ખાત્રી થઇ કે મુનિરાજ કાઉસગ્ગ ધ્યાને આતાપના લઇ રહ્યા છે. તેમના શરીરમાંથી પરસેવાની દુર્ગંધ આવે છે. રાણીએ રાજાને પૂછયું કે મુનિઓ આવી દુર્ગંધ દૂર કરવા માટે પાસુક જળથી ન્હાય તો તેમાં શું વાંધો ? જવાબમાં

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



રાજાએ કહ્યું કે સંયમરૂપ જળથી મુનિવરો ન્હાય છે. તેથી તેઓ કાયમ પવિત્રજ હોય છે શીલ ધર્મને ટકાવવા સ્નાનનો નિષેધ છે. અહીં શુભમતિએ મુનિના શરીરની દુર્ગંછા કરી પાપકર્મ ઉપાર્જન કર્યું (તે કર્મ આગળ મદના વલીના ભવમાં ભોગવે છે.) ભક્તિ ભાવે રાજા અને રાણીએ મુનિના શરીર ઉપરનો મળ પ્રાસુક જળથો દૂર કર્યો. અને સુગંધી પદાર્થો ચોપડયા. ત્યાંથી બંને આગળ બીજા તીર્થોની યાત્રા કરવા ગયા. અહીં મુનિના શરીર ઉપરની સુગંધનો ગંધ લેવા ઘણા ભમરાઓ ચોંટે છે. અને ચટકા મારે છે જેથી મુનિ તિવ્ર વેદના ભોગવે છે. તો પણ સદ્ધ્યાનથી લગાર પણ ચલાયમાન થતા નથી. તીર્થ યાત્રા કરીને પાછા ફરતી વખતે બંને અહીં આવી જુએ છે તો જણાય છે કે ભમરાઓ મુનિને હેરાન કરી રહ્યા છે. રાજાએ તમામ ભમરાઓ ઉડાડી મૂક્યા આ તીવ્ર વેદના સહન કરવાથી મુનિને કેવલ જ્ઞાન થયું. મુનિરાજે દેશના દેતી વખતે જણાવ્યું કે–મુનિરાજના મલીન શરીરની દુર્ગંછા ન કરવી જોઇએ. તેમ કરે તો તે કર્મના ઉદયે દુર્ગંછા કરનાર જીવની ભવોભવ બીજાઓ દુર્ગંછા કરે છે. જે પાપરૂપ મેલથી મલિન હોય. તેજ ખરો મલીન કહેવાય. આ વચન સાંભળીને રાણી શુભમતીએ દુર્ગંછા કરેલી તેની માફી માગી. વારંવાર મુનિને નમીને તે અપરાધ ખમાવવા લાગી મુનિરાજે રાણીને કહ્યું કે તમે આવો ખરા દિલથી પશ્ચાતાપ કર્યો, તેથી ઘણું પાપ નાશ પામ્યું. તો પણ એક ભવમાં ભોગવી શકાય એટલું પાપકર્મ (ભોગવવાનું) બાકી રહ્યું છે. પૂર્ણ ઉલ્લાસથી શ્રી જીનેન્દ્ર ધર્મની આરાધના કરી માનવ જન્મને સફલ કરવો આવી દેશના સાંભળીને

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



તથા વંદન કરી બંને જણા સ્વસ્થાને આવ્યા અવસરે રાણીએ પુત્રનો જન્મ આપ્યો, તેનું નામ 'કલ્યાણ' રાખ્યું. અનુક્રમે પુત્ર ઉંમર લાયક થયો, એટલે પુત્રને રાજ્ય સોંપીને બંને જણાએ ગુરૂ મહારાજની પાસે દીક્ષા ગ્રહણ કરી. પુર્ણ ઉલ્લાસથી તેની યથાર્થ સાધના કરી રાજા સૌધર્મ દેવલોકે દેવ થયો અને શુભમતિ તેની દેવાંગના થઈ. અવસરે ત્યાંથી ચવીને (ત્રીજે ભવે) શુભમતિનો જીવ હસ્તિનાપુરમાં જીત શત્રુ રાજાની મદનાવલી નામે પુત્રી પણે ઉપજયો. અનુક્રમે યોગ્ય વય થતાં સ્વયંવર મંડપમાં વર વરવાના પ્રસંગે તે પુત્રીએ સિંહધ્વજ રાજાને વરમાલા પહેરાવી. કેટલોક સમય વિત્યા બાદ પૂર્વે બાંધેલું પાપકર્મ ઉદયમાં આવ્યું, તેને લઈને મદના વલિના શરીરમાંથી અસહ્ય દુર્ગંધ છુટવા લાગી જેથી સર્વને તિરસ્કાર પાત્ર બની. આથી રાજાને ઘણું દુઃખ થયું. તેણે ઘણાં ઉપચાર કર્યાં. પણ લગારે ફાયદો થયો નહિં રાજાએ તેને છેટે જંગલમાં મ્હેલ બંધાવીને ત્યાં રાખી. રાજ સુભટો દૂર રહીને તેની સંભાળ રાખે છે. દુઃખે કરી સહન કરી શકાય એવી દુર્ગંધથી રાણી તીવ્રવેદના ભોગવે છે. આ સ્થિતિમાં રાણીએ વિચાર્યું કે ભલભલાને પણ કર્મોના ફલ ભોગવવા પડે છે, તો પછી મારે આ વેદનાને કર્મ પરિણામ સમજીને સમતા ભાવે સહન કરવી એમાંજ ડહાપણ ગણાય 'એ દિન બી વીત જાય ગા' એટલે સુખના કે દુઃખના દહાડા કોઈના કાયમ રહેતાજ થથી. આવી રીતે ધૈર્ય રાખીને પલંગમાં રાણી બેઠી છે, એવામાં રાણીએ ગોખની ઉપર શુક પક્ષીના જોડલાને જોયું. તે શુક પક્ષીના જોડલાએ રાણી સાથે વાતચીત કરતાં મદનાવલિનું જીવન ચરિત્ર કહ્યું. રાણીને

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



આ (પોતાનું જીવન) સાંભળતા જાતિ સ્મરણ જ્ઞાન થયું. તેથી એને ખાત્રી થઇ કે આ શુક પક્ષીનું કહેવું તદ્દન વ્યાજબી છે. છેવટે આ શુક પક્ષીના કહ્યા પ્રમાણે રાણીએ સાત દિવસ સુધી વિધિ પૂર્વક ઉલ્લાસથી શ્રી જીનેશ્વર પ્રભુની ચંદનપૂજા કરી. જેના પ્રભાવે તમામ દુર્ગંધ નાશ પામી. રાણીના આનંદનો પાર રહ્યો નહિ. આ બીના રાજાએ જાણી જેથી તે ખુશી થઇને રાણીને હાથી ઉપર બેસાડીને રાજ-મ્હેલમાં લઇ ગયા. એક વખત બંને જણા આનંદમાં બેઠા છે. એવામાં ખબર મળી કે—અમર તેજ નામના મહા મુનીશ્વરને ઉદ્યાનમાં કેવલ જ્ઞાન થયું છે. જેથી રાજા રાણી વગેરે પરિવારને સાથે લઇને વંદન કરવા ગયા ત્યાં મુનિ-રાજની વૈરાગ્યમય અપૂર્વ દેશના સાભળ્યા બાદ રાણીએ ગુરૂને પૂછયું કે—જેણે મારૂં જીવન કહી સંભળાવ્યું તે શુક પક્ષી કોણ હતો. જવાબમાં કેવલી પ્રભુએ કહ્યું કે. હે રાણી! તે તારો પૂર્વ ભવનો સ્વામી હતો. તેણે શુક પક્ષીનું રૂપ કરીને તીર્થંકર ભગવંતની પાસે તારૂં જીવન સાંભળીને તને પ્રતિબોધ કરવા ખાતર અને નીરોગી થવાનો ઉપાય જણાવવા માટે તારી આગળ (તારૂં) જીવન કહી સંભળાવ્યું, હતું. તે દેવ અહીં તારી પાસેજ બેઠો છે. રાણીએ તે દેવની પાસે જઇને તેનો ઉપકાર માન્યો. હવે (પૂર્વ ભાવના સ્વામીએ) રાણીને કહ્યું કે—"હવે મારૂં સાત દિવસનું આઉખું બાકી છે. અહીંથી ચવીને હું ખેચર (વિદ્યાધર) નો પુત્ર થઇશ તે વખતે તું મને પ્રતિબોધ કરજે." રાણીએ કહ્યું કે મને તેવું જ્ઞાન થશે તો જરૂર તેમ કરીશ. આવો ઉત્તર સાંભળીને દેવસ્વસ્થાને ગયો અવસરે (શુભમતિના જીવ) રાણી મહ-

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



નાવલીએ દીક્ષા ગ્રહણ કરી. ઉગ્ર તપસ્યા સાધવા માંડી. પેલો દેવ સાત દિવસનું દેવાયુષ્ય પૂરૂ કરીને ચવન નામના વિદ્યાધર રાજાનો મૃંગાક નામનો પુત્ર થયો. અનુક્રમે યૌવન વય થતાં એક દિવસ વિમાનમાં બેસીને મૃગાંક કુમાર ચાલ્યો જાય છે. ત્યારે તેની નજર સાધ્વી મદનાવલિ ઉપર પડે છે. આ વખતે કામાતુર મૃગાંક કુમારે નીચે આવીને સાધ્વીને ગણાંએ અનુકુલ ઉપસર્ગો કર્યા તો પણ સાધવીજી શીલ ધર્મથી ચલાયમાન થયાજ નહિં. ઉપસર્ગને સમ ભાવે સહન કરવાથી તે કેવલજ્ઞાન પામ્યા. ને મૃગાંકકુમારને (પૂર્વ કરેલી પ્રતિજ્ઞા પ્રમાણે) પ્રતિબોધ પમાડયો. જેથી કુમારે દીક્ષા સાધીને કેવલી થવા પૂર્વક મુક્તિપદ મેળવ્યું. સાધ્વી મદનાવલિ પણ ઘણાં વર્ષના કેવલી પર્યાયમાં અનેક ભવ્ય જીવોનો ઉદ્ધાર કરી નિર્વાણપદ પામ્શા. સારાંશ એ કે ચંદનપૂજા કરવાથી, જયસૂર (મૃગાંક) અને શુભમતિ (મદનાવલિ) જેમ સંસાર સાગર તરી ગયા, તેમ ભવ્ય જીવોએ પ્રભુની ઉલ્લાસથી પૂજા કરી આત્મ કલ્યાણ જરૂર સાધવું.

---

## तृतीय पुष्पपूजा

હવે ત્રીજી સુમનસતણી, સુમનસ કરણ સ્વભાવ;
ભાવ સુગંધ કરણ ભણી, દ્રવ્યકુસુમ પ્રસ્તાવ. ૧

માલતી ફુલે પૂજતી, લાભવિઘન કરી હાણ;
વણિકસુતા લીલાવતી, પામી પદ નિવારણ. ૨

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



## ઢાળ.

( ઓરાં આવોજી, કહું એક વાતલડી—એ દેશી. )

મન મંદિર આવો રે, કહું એક વાતલડી; અજ્ઞાનીની સંગે રે, રમિયો રાતલડી. ૧. વ્યાપાર કરેવા રે, દેશ વિદેશ ચલે; પરસેવા હેવા રે, કોડી ન એક મળે. ૨. રાજગ્રહી નગરે રે, દ્રુમક એક ફરે; ભિક્ષાચર વૃત્તિએ રે, દુઃખે પેટ ભરે. ૩. લાભાંતરાયે રે, લોક ન તાસ દીએ; શિલ્લા પાડંતો રે, પહોતો સાતમીએ. ૪. ઢંઢણ અણગારો રે, ગોચરી નિત્ય ફરે; પશુઆં અંતરાયે રે, આહાર વિના વિચરે. ૫. આદીશ્વર સાહિબ રે, સંયમ ભાવ ધરે; વરસીતપ પારણું રે, શ્રેયાંસરાય ઘરે. ૬. મિથ્યાત્વે વાહ્યો રે, આરત ધ્યાન કરે; તુજ આગમ વાણી રે, સમકિતી ચિત્ત ધરે. ૭. જિમ પુણીયો શ્રાવક રે, સંતોષ ભાવ ધરે; નિત્ય જિનવર પૂજે રે, ફૂલના પગર ભરે. ૮. સંસારે ભમતો રે, હું પણ આવી ભળ્યો; અંતરાય નિવારક રે, શ્રી શુભવીર મળ્યો. ૯.

॥ काव्यं ॥

सुमनसा गतिदायि विधायिना, सुमनसां निकरैः प्रभुपूजनं।
सुमनसा सुमनो गुणसंगिना, जन विधेहि निधेहि मनोऽर्चने॥१॥

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



समयसारसुपुष्पसुमालया, सहजकर्मकरेण विशोधया ।
परमयोगबलेन वशीकृतं, सहजसिद्धमहं परिपूजये ॥ २ ॥

मंत्र–ॐ ह्रीँ श्रीँ परम० परमे० जन्म० श्रीमते० लाभांतरायोच्छेदनाय पुष्पाणि यजामहे स्वाहा ॥

## ત્રીજી પુષ્પપૂજાનો અર્થ,

## દુહાનો અર્થ.

હવે પરમાત્માની ત્રીજી સુમનસની એટલે પુષ્પની (પુષ્પોવડે) પૂજા કરો કે જેનો સુમનસ એટલે સારા મનવાળા કરવાનો સ્વભાવ છે. આત્માને ભાવ સુગંધીવડે સુગંધિત કરવા માટે આ દ્રવ્યકુસુમ જે સુગંધી હોય છે તેનો પ્રસ્તાવ કરવામાં આવે છે એટલે કે તેનાવડે પૂજા કરવામાં આવે છે. ૧. એક વણિકની પુત્રી લીલાવતી માલતીના પુષ્પોવડે પ્રભુને પૂજી લાભાંતરાયનો ક્ષય કરી નિર્વાણ પદને પામી છે. ૨.

## ઢાળનો અર્થ.

હે પરમાત્મા ! તમે મારા મનરૂપી મંદિરમાં પધારો કે જેથી હું એક વાત આપને કરૂં. હે સ્વામી ! હું અજ્ઞાનીની સોબતમાં આખી રાત રમ્યો છું અર્થાત્ આજ સુધીનું અનેક ભવોનું આયુષ્ય વ્યતિક્રમાવ્યું છે. ૧. આ (પૂજામાં લાભાંતરાય સંબંધી હકીકત કહે છે.) હું વ્યાપાર કરવા માટે દેશ–વિદેશ ગયો, પારકી સેવા કરી, પણ એક કોડી પણ મળી નહીં. ૨. તે ઉપર દૃષ્ટાંત કહે છે કે–રાજગૃહી

For Private And Personal

નગરીમાં એક દ્રમક (ભિક્ષુક) ફરતો હતો. તે ભિક્ષાચારવૃત્તિ કરતો હતો, છતાં પેટ પણ મહાદુઃખે ભરતો હતો અર્થાત્ પેટ ભરવા જેટલું પણ દુઃખે મળતું હતું. તેને લાભાંતરાયનો ઉદય હતો તેથી લોકો તેને આપતા નહોતા. એટલા ઉપરથી તેને લોકો ઉપર એટલો દ્વેષ થયો કે તે નગર ઉપર એક મોટી શિલા પાડી દેવા માટે નજીકના વૈભાર પર્વત ઉપર ચડયો ત્યાંથી એક શિલા પાડતાં તે જ પડી ગયો અને તે શિલા નીચે કચરાઇ મરણ પામીને સાતમી નરકે ગયો. ૩-૪. ઢંઢણ અણગાર કે જે સંસારીપણામાં કૃષ્ણ વાસુદેવની ઢંઢણા રાણીના પુત્ર હતા. તે નિત્ય ગોચરી માટે ફરતા હતા, પણ લાભાંતરાયનો ઉદય હોવાથી તે શુદ્ધ મુનિ છતાં પૂર્વ ભવમાં પશુઓને અંતરાય કરેલો હોવાથી લોકો તેને આપતા નહોતા અને આહાર વિના રહેતા હતા. ૫. આદીશ્વર પરમાત્મા સંયમભાવ ધારણ કર્યા પછી પૂર્વના લાભાંતરાયને લીધે એક વર્ષ પર્યંત આહાર ન પામ્યા. છેવટે વર્ષીતપનું પારણું શ્રેયાંસ રાજાને ત્યાં શેરડીના રસવડે કર્યું. ૬. આ પ્રકારે જ્યારે લાભાંતરાયનો ઉદય હોય છે ત્યારે મિથ્યાત્વે વાસિત જીવ આર્ત્તધ્યાન કરે છે અને સમકિતી તમારા આગમની વાણીને ચિત્તમાં ધારણ કરે છે. એટલે તે પૂર્વે બાંધેલા લાભાંતરાયનો ઉદય જાણી આર્ત્તધ્યાન કરતો નથી. ૭ જેમ પુણિયો શ્રાવક દરરોજ માત્ર ૧૨।। દોકડા—બે આના જ રૂની પુણી વેચીને પેદા કરતો હતો, પરંતુ તેમાં સંતોષ રાખતો હતો. અને દરરોજ પરમાત્માની પૂજા કરી તેમની પાસે ફૂલના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



પગર ભરતો હતો. ૮. હે પરમાત્મા ! સંસારમાં પરિભ્રમણ કરતાં હું પણ આપની પાસે આવ્યો છું અને અંતરાય કર્મને નિવારનારા તમે શ્રી શુભવીર પ્રભુ મને મળ્યા છો. ૯.

## પુષ્પ પૂજાનું દષ્ટાંત.

પ્રભુદેવની પુષ્પ પૂજા કરવાથી લીલાવતી નામની એ વણિક પુત્રીએ મોક્ષ સંપદા મેળવી હતી. તેની ટુંકી બીના આ પ્રમાણે જાણવીઃ—ઉત્તર મથુરા નામે એક નગરી છે. ત્યાં ધનપતિ નામે એક શેઠ રહેતા હતા. તેમને શ્રીમાલા નામે સ્ત્રી હતી. લીલાવતિ નામે પુત્રી હતી. મુનિરાજના કહેવા પ્રમાણે વિધિ પૂર્વક ઉલ્લાસથી તેણે (લીલાવતિએ) પ્રભુદેવની ઉત્તમ પુષ્પ પૂજા કરી હતી તે ઉપરાંત તે પરમ શ્રાવિકા હમેશાં પ્રભુપૂજાદિ ધર્માનુષ્ટાનમાં મગ્ન રહેતી હતી. અંતે સમાધિ મરણથી દેવપણે સૌધર્મ દેવલોકની દેવતાઈ ઋદ્ધિ ભોગવી લીલાવતીને ગુણધર નામે ભાઇ હતો. તે પણ બેનના કહેવા પ્રમાણે પ્રભુપૂજા હમેશાં કરતો હતો. જેના પરિણામે તે પણ ત્યાંજ સૌધર્મ દેવલોકે દેવ થયો. દેવાયુષ્ય પૂરૂં કરીને લીલાવતીનો જીવ દેવલોકનો ત્યાગ કરીને ત્રીજે ભવેસુરપુર નગરના સૂરવિક્રમ રાજાની વીનયશ્રી નામે પુત્રી થઇ અને ગુણધરનો જીવ સ્વર્ગથી ચ્યવીને પદ્મપુર નગરના પદ્મરથ રાજાનો જય નામે પુત્ર થયો. જુઓ કર્મની વિચિત્રતા. અહીં પૂર્વે જે ભાઇ બેન હતા તે દૈવયોગે સ્ત્રી ભર્તાર થાય છે. એટલે જયકુમારનું લગ્ન વિનય શ્રી સાથે થાય છે. નિર્મલાચાર્ય નામના ગુરૂના સમાગમથી આ બાબતની ખાત્રી થાય છે. છેવટે વિનયશ્રી દીક્ષાને સાધીને નિર્વાણ પદને પામી.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



## चतुर्थ धूपपूजा.

### દુહા

કર્મ કઠિન [૧]કઃ દાહવા, ધ્યાન [૨]હુતાશન યોગ;
ધૂપે જિન પૂજી દહો, અંતરાય જે ભોગ. ૧.
એક વાર જે ભોગમાં, આવે વસ્તુ અનેક;
અશન પાન વિલેપને, ભોગ કહે જિનછેક[૩]. ૨.

### ઢાળ.

( રાગ આશાવારી છેડે નાંજી—એ દેશી. )

બાજી બાજી બાજી ભૂલ્યો બાજી ભોગવિઘન ઘન ગાજી. ભૂલ્યો૦ આગમજ્યોત ન તાજી, ભૂ૦ કર્મ કુટિલ વશ [૪]કાજી. ભૂ૦ સાહિબ સુણ થઈ રાજી; ભૂ૦ એ આંકણી. કાળ અનાદિ ચેતન રઝળે, એક વાત ન સાજી; [૫]મયણાભયણી ન રહે છાની, મળિયા માતપિતાજી. ભૂ૦ ૧. અંતરાયથાનક સેવનથી, નિર્ધનગતિ ઉપરાજી; કૂપની છાયા કૂપ સમાવે ઇચ્છા તિમ સવિ ભાંજી. ભૂ૦ ૨. [૬]નૈગમ એક નારી ધૂર્તિ પણ, ઘેબર ભૂખ ન ભાંગી; જમી જમાઈ પાછો વળિયો, જ્ઞાનદશા તવ જાગી. ભૂ૦ ૩. કબહી કષ્ટે ધનપતિ થાવે, અંત-

૧. કાષ્ટ. ૨. અગ્નિ. ૩. છેક—ચતુર. જિનછેક—તીર્થંકર ૪. આત્મા.
૫. સુ સુંદરી. મયણાસુંદરીની બ્હેન. ૬. વાણિયે.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



રાય ફળ આવે; રોગી પરવશ અન્ન અરૂચિ, ઉત્તમ ધાન્ય ન ભાવે. ભૂ. ૪. ક્ષાયકભાવે ભોગની લબ્ધે, પૂજા ધૂપ વિશાળા; વીર કહે ભવ સાતમે સિધ્યા, વિનચંધર ભૂપાળા. ભૂ૦ ૫.

॥ काव्यं ॥

अगरमुख्यमनोहरवस्तुना स्वनिरुपाधिगुणौघविधायिना ।
प्रभुशरीरसुगंधसुहेतुना, रचय धूपनपूजनमर्हतः ॥ १ ॥
निजगुणाक्षयरूपसुधूपनं, स्वगुणघातमलप्रविकर्षणं ।
विशदबोधमनंतसुखात्मकं, सहजसिद्धमहं परिपूजये ॥ २ ॥

मंत्र–ॐ ह्रीँ श्रीँ परम० परमे० जन्म० श्रीमते० भोगांतरायदहनाय धूपं यजामहे स्वाहा ॥

## ચોથી ધૂપપૂજાનો અર્થ.

### દુહાનો અર્થ.

કઠણ–આકરાં કર્મરૂપ કાષ્ટને બાળી દેવા માટે ધ્યાનરૂપી અગ્નિ જગાવીને–ધૂપવડે શ્રી જિનેશ્વરની પૂજા કરીને જે ભોગાંતરાય કર્મ છે તેને બાળી નાખો. ૧. એક વારજ ભોગમાં આવી શકે એવી અનેક વસ્તુઓ–ભોજન, પાણી, વિલેપન વિગેરેને શ્રી તીર્થંકર મહારાજા ભોગ કહે છે. ૨. (તે ન ભોગવી શકાય તેનું નામ ભોગાંતરાય છે.)

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



## ઢાળનો અર્થ.

હે પરમાત્મા ! ભોગાંતર ય કર્મરૂપ વરસાદના ગર્જારવમાં હું મારી બાજી બધી ભુલી ગયો. એ કર્મરૂપ વાદળના અંધકારમાં આગમરૂપી-જ્ઞાનરૂપી જ્યોત મારી તાજી-વિકસ્વર ન રહી અને આ કાજી એટલે આત્મા તે કુટિલ (વાંકા) એવા કર્મને વશ થઇ ગયો. હે સાહિબ! આ બધી મારી વીતક વાત કહું છું તે તમે મારા પર રાજી થઇને સાંભળો.

અનાદિ કાળથી આ ચેતન સંસારમાં રઝળે છે. તેની એકે વાત સાજી-યથાસ્થિત નથી. આ કારણથી જ મયણાસુંદરી-શ્રીપાલરાજાની સ્ત્રીની બહેન સુરસુંદરી જ્યારે તેના માતા-પિતા તેની ભેળા થયા ત્યારે એવી રોવા માંડી કે કોઈ રીતે છાની રહે નહીં તેને પોતાની બધી પાછલી વાત સાંભરી આવી. ૧. હે પ્રભુ! મેં અંતરાયકર્મ બાંધવાના સ્થાનકો સેવવાથી નિર્ધનપણું ઉપાર્જન કર્યું-નિર્ધન થયો, તેથી જેમ કુવાની છાયા કુવામાં જ સમાય તેમ મારી ઇચ્છા માત્ર મનમાં જ સમાઇ ગઈ-ભાંગી ગઇ. દ્રવ્ય વિના એકે ઇચ્છા પૂરી થઇ નહીં. ૨. એક વણિકે એક સ્ત્રીને ધૂતી-છેતરી અને તેમાં જે પૈસા મળ્યા તેના ઘેબર પોતાને ખાવા માટે કરાવ્યા, પણ તે તેને ભોગ ન પડયા. ઘેબર કરાવીને પોતે ન્હાવા ગયો ત્યાં તેનો જમાઇ ઘરે આવ્યો, એટલે સાસુએ હેતથી તેને ઘેબર ખવરાવી દીધા. તે ખાઇને બહાર નીકળ્યો એટલે સસરાજી સામા મળ્યા, પછી ઘરમાં જઇને જમવા બેઠા ત્યાં તો ભાણામાં જે આવતું હતું તે જ

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



આવ્યું–ઘેબર ન આવ્યા. કારણ પૂછતાં હકીકત જાણી એટલે પછી જ્ઞાનદશા જાગી અર્થાત્ પોતાના ભોગાંતરાય કર્મનું ભાન થયું. ૩. કદી અજ્ઞાનકષ્ટાદિ કરવાથી બીજા ભવમાં ધનપતિ થાય તો પણ જો ભોગાંતરાયકર્મ બાંધેલ હોય તો તેનું ફળ આડું આવે–તેનો ઉદય થાય એટલે રોગી થાય, અન્ન ઉપર અરૂચિ થાય, મમ્મણશેઠની[1] જેમ સારૂં ધાન્ય (ભોજન) ભાવે જ નહીં એવી સ્થિતિ થાય. આ ધૂપપૂજા કરીને હે પ્રભુ! હું ભોગની લબ્ધિ ક્ષાયિકભાવે પ્રાપ્ત થાય એમ ઇચ્છું છું–માગું છું. આ પૂજા કરવાથી સાતમા ભવે વિનયંધર રાજા સિદ્ધિપદને પામ્યા છે, એમ શ્રી વીરપ્રભુએ જ કહેલું છે. ૫.

## ધૂપ પૂજાનું દૃષ્ટાંત.

રાજા વિનયંધરે પ્રભુદેવની ઉલ્લાસથી ધૂપપૂજા કરી હતી. તેના પ્રભાવે તે સાતમે ભવે જ્યાં જન્મ મરણાદિનો ભય નથી એવા પરમપદ મોક્ષને પામ્યા. તે બીના ટુંકામાં આ પ્રમાણે જાણવી:–પોતનપુર નામના નગરમાં વજ્રસિંહ રાજા હતો. તેને કમળા અને વિમલા નામની બે રાણીઓ હતી. કમલા રાણીને કમલ નામે અને વિમલા રાણીને વિમલ નામે પુત્ર હતો. વિમલ રાણીનો પક્ષ લઇને નિમિત્તિયાએ 'રાજ્ય પદને યોગ્ય કોણ થશે?' આ (રાજાએ પૂછેલા) પ્રશ્નના જવાબમાં કહ્યું કે "વિમલ કુમાર સર્વગુણ સંપન્ન છે, તેને

---

૧. મમ્મણ શેઠ પાસે પુષ્કળ લક્ષ્મી છતાં તેને તેલ ને ચોળા સિવાય બીજું કાંઈ પચતું નહોતું, ભાવતું પણ નહોતું.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



રાજ્ય સોંપવુ ઉચિત છે. કમલ કુમારને રાજા બનાવશો, તો તમારા રાજ્યનો નાશ થશે." આથી દસ દિવસનાં બાલક કમલ કુમારને નોકરોની મારફત ભયંકર અટવીમાં મૂકાવી દીધો. ત્યાંથી માંસનો પિંડ જાણીને ભારંડ પક્ષીએ ઉપાડયો. તે બીજા ભારંડના જોવામાં આવ્યો. આકાશમાં બંનેની તકરારમાં બાળક નીચે પડયો. તેને કુવામાં પડતાં ત્યાંપ્હેલાં પડેલા પુરૂષે ઝીલી લીધો. તે બંને સુબંધુ નામે એક સાર્થવાહની મદદથીબ્હાર નીકળ્યા. (બાળકની સાથે કુવામાંથી બ્હાર નીકળેલા) પુરૂષે સાર્થવાહને બીના જણાવીને તે બાલક સોંપ્યો. તેણે (કમલ) બાળકનું નામ "વિનયંધર" રાખ્યું. અનુક્રમે સાર્થવાહ મુસાફરી કાર્ય પૂરૂં થતાં પોતાના કંચનપુર નગરમાં આવ્યો. અહીં વિનયંધર કાળક્રમે મોટી ઉંમરનો થાય છે. એક વખત વિનયંધરે મુનિરાજની દેશનામાં સાંભળ્યું કે-"જેઓ કસ્તુરી,, ચંદન, અગર અને કપૂર મિશ્રિત ધૂપથી પ્રભુદેવની પૂજા કરે, તેઓ ને ઇંદ્રાદિક, પણ નમસ્કાર કરે છે. અને તેઓ સંસાર સાગરને તરી જાય છે." આથી વિનયંધરે અવસરે પરમ ઉલ્લાસથી ધૂપપૂજા કરી. તેમાં પ્રતિજ્ઞા કરી કે આ ધૂપધાણામાં રહેલો ધૂપ જ્યાં સુધી સર્વથા ન બળી રહે, ત્યાં સુધી મારે પ્રાણાંત કષ્ટે પણ અહીંથી ખસવું નહીં આ પ્રસંગે યક્ષે ભયંકર સર્પનું રૂપ કરીને આકરા ઉપસર્ગો કર્યા તો પણ તે તલભાર પણ ચલિત થયો. (ડગ્યો) નહીં. છેવટે યક્ષે પ્રસન્ન થઈને સર્પના ઝેરને ઉતારનારૂં એક રત્ન આપ્યું. જણાવવું જરૂરી છે કે-આ કંચનપુરનો રત્ન રથ નામે રાજા હતો, તેને ભાનુમતિ નામની પુત્રી હતી.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



સર્પ કરડવાથી 'મરી ગઇ' એમ જાણીને રાજા વગેરે તે કુંવરીને ચિતામાં સુવાડી બાળવાની તૈયારી કરતા હતા. તેટલામાં વિનયંધરે આવીને રત્નના પ્રભાવે તેને (કુંવરી) સાવધાન કરી. ત્યારબાદ પ્રસન્ન થયેલા યક્ષના કહેવાથી રાજાને વિનયંધરની પૂરી ઓળખાણ મળી, જેથી તેની સાથે ભાનુમતીને પરણાવી, તેમજ રાજાએ બીજી પણ પુષ્કર ઋદ્ધિ આપી. મારા પિતાએ મને નાની ઉંમરમાં ઘણું દુઃખ આપ્યું. મને એમ યક્ષના કહેવાથી વિનયંધરે જાણ્યું. જેથી પિતાની ઉપર ચઢાઇ કરી. આ વખતે યક્ષે વજ્રસિંહને જણાવ્યું કે—આ વિનયંધર તમારો પુત્ર છે. જેને તમે અરણ્યમાં મૂકાવી દીધો હતો આથી યુદ્ધ શાંત થયું. પિતાએ ગેરવ્યાજબી કામ કર્યું તેનો પશ્ચાતાપ કરીને વિનયંધરને દીક્ષા લેવાનો વિચાર જણાવ્યો. ત્યાં તો વિનયંધરે પણ સંયમ લેવાની ઇચ્છા દર્શાવી. જેથી વિમલ કુંવરને રાજ્ય સોંપી બંને જણાએ ઉલ્લાસથી શ્રી વિજયસૂરી મહારાજની પાસે દીક્ષા લીધી. યથાર્થ આરાધના કરીને બંને મુનિવરો ચોથા માહેન્દ્ર દેવલોકમાં દેવ થયા. અહીં વિનયંધરના સાત ભવ સમજવાના છે. તેમાં ૧. વિનયંધર. ૨. માહેન્દ્રદેવ. એમ બે ભવ થયા. પાંચ બાકી રહ્યા તે આ પ્રમાણે—વજ્રસિંહનો જીવ દેવલોકથી ચવીને ક્ષેમપુરનો પૂર્ણ ચંદ્ર રાજા થયો. અને વિનયંધરનો જીવ ત્રીજે ભવે ક્ષેમપુરમાં ક્ષેમંકર શેઠનો ધૂપસાર નામે પુત્ર થયો. જુઓ ધૂપપૂજાનો પ્રભાવ—પાછલા ભવમાં કરેલી ધૂપપૂજાના પ્રભાવે ધૂપ સાર સુગંધી શરીરવાળો થયો એટલે એના શરીરમાંથી બહુજ સુગંધ છુટવા લાગી. આ વાતની રાજાને ખબર પડી.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



તેણે પાછલા ભવના દ્વેષથી ધૂપસારના શરીર ઉપર અશુચિ પદાર્થ ચોપડાવ્યા. તો પણ યક્ષ (ના જીવ) ની મદદથી તેના શરીરમાંથી અપૂર્વ સુગંધ નીકળવા લાગી. છેવટે રાજાએ માફી માગી. જેથી ધૂપસારને જાતિ સ્મરણ જ્ઞાન પ્રગટયું. એ દેશનાનો પ્રભાવ સમજવો. અહીં રાજાની સાથે અપૂર્વ સંયમની સાધના કરીને ધૂપસાર પહેલા ગ્રૈવેયક દેવલોકમાં દેવ થયો. ત્યાંના સુખ ભોગવીને મનુષ્ય ભવ પામશે. પછી દેવ થઇને નર ભવ પામી સંયમને આરાધી મોક્ષ પામશે.

---

## पंचम दीपकपूजा.

### દુહા.

ઉપભોગ વિઘન પતંગીઓ, પડત જગત જઉ જ્યોત;
ત્રિશલાનંદન આગળે, દીપકનો ઉદ્યોત. ૧.
ભોગવી વસ્તુ ભોગવે, તે કહીએ ઉપભોગ;
ભૂષણ ચીવર વલ્લભા, ગેહાદિક સંયોગ. ૨.

### ઢાળ.

(રાગ—કાફી. અરનાથકું સદા મોરી વંદના—એ દેશી.)

વંદના વંદના વંદના રે, જિનરાજકું સદા મોરી વંદના. એ આંકણી. ઉપભોગ અંતરાય હઠાવી, ભોગી પદ મહાનંદના રે; જિ૦ અંતરાય ઉદયે સંસારી, નિર-

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



ધન ને પરછંદના રે; જિન૦ ૧. દેશવિદેશે ઘરઘર સેવા, ભીમસેન નરિંદના રે; જિ૦ સુણિય વિપાક સુખો ગિરનારે, હેલક તેહ મુણીંદના રે. જિન. ૨. બાવીશ વરસ વિયોગે રહેતી, પવનપ્રિયા સતી અંજના રે; જિ૦ નળ દમયંતી સતી સીતાજી, ખટ્માસી આક્રંદનારે. જિન૦ ૩. મુનિવરને મોદક પડિલાભી પછી કરી ઘણી નિંદના રે; જિ૦ શ્રેણિક દેખે પાઉસ નિશિએ[1], મમ્મણ શેઠ વિડંબના રે જિન૦ ૪ ઇમ સંસાર વિડંબન દેખી, ચાહુ ચરણ જિનચંદના રે; જિ૦ ચકવી ચાહે ચિત તિમિરારિ[2] ભોગી ભ્રમર અરવિંદના[3] રે. જિન૦ ૫. જિનમતિ ધનસિરિ દોય સાહેલી, દીપકપૂજ અખંડના રે; જિ૦ શિવ પામી તિમ ભવિ પદ પૂજો, શ્રી શુભવીર જિણંદના રે. જિન૦ ૬.

॥ काव्यं ॥

भवति दीपशिखापरिमोचनं, त्रिभुवनेश्वरसद्मनि शोभनं ।
स्वतनुकांतिकरं तिमिरं हरं, जगति मंगलकारणमातरं ॥ १ ॥
शुचिमनात्चिदुज्वलदीपकै-र्ज्वलितपापपतंगसमूहकैः ।
स्वकपदं विमलं परिलेभिरे, सहजसिद्धमहं परिपूजये ॥ २ ॥

मंत्र-ॐ ह्रीँ श्रीँ परम० परमे० जन्म० श्रीमते तूर्यबंधच्छेदनाय दीपं यजामहे स्वाहा ॥

---

૧ વર્ષાકાળની રાત્રીએ. ૨ સૂર્ય. ૩ કમળ

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



# પાંચમી દીપકપૂજાનો અર્થ.

## દુહાનો અર્થ.

ઉપભોગાંતરાયરૂપ પતંગીઓ જગતના જીવોની જ્ઞાનરૂપી જ્યોતિમાં પડીને બળી જાય—ભસ્મ થઇ જાય તેટલા માટે ત્રિશલાનંદન-મહાવીર-પ્રભુની પાસે દીપકનો ઉદ્યોત-પ્રકાશ કરીએ. ૧. જે વસ્તુ એક વાર ભોગવ્યા પછી પણ વારંવાર ભોગવાય તે આભૂષણો, વસ્ત્રો, સ્ત્રી ઘર વિગેરે સંયોગમાં આવતી વસ્તુઓ ઉપભોગ કહેવાય છે. ૨.

## ઢાળનો અર્થ.

શ્રી જિનેશ્વરને મારી વંદના, વંદના, વંદના-વારંવાર વંદના હો. જે જિનેશ્વર ઉપભોગાંતરાયને હઠાવીને મહાનંદપદ જે મોક્ષપદ તેના ભોક્તા-ભોગી થયેલા છે. ઉપભોગાંતરાયના ઉદયથી સંસારી જીવો નિર્ધન થાય છે, પારકા તાબેદાર થાય છે, દેશવિદેશમાં પરિભ્રમણ કરવું પડે છે અને ભીમસેન રાજાની જેમ ઘરે ઘરે સેવા કરવી પડે છે. તેણે પૂર્વભવે મુનિરાજની હેલના-અપભ્રાજના કરી હતી તે પોતાના પૂર્વભવનો વિપાક સાંભળીને પ્રાંતે ગિરનારજી ઉપર સુખી થયા અર્થાત્ મોક્ષપદને પામ્યા. ૧-૨.

ઉપભોગાંતરાયના ઉદયથી પવનંજયની સ્ત્રી ને હનુમાનની માતા અંજનાદેવીને બાવીશ વર્ષનો પતિવિયોગ રહ્યો, નળદમયંતીને બાર વર્ષનો વિયોગ રહ્યો, તેમજ સીતા સતીને પતિવિયોગે છ મહિના આક્રંદ કરવું પડયું.[1] ૩. મુનિરાજને

---

૧ અંજનાસુંદરી, દમયયંતી અને સીતાની કથા બહુ પ્રસિદ્ધ હોવાથી આપવામાં આવી નથી.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



મોદક વહોરાવ્યા પછી 'અરે! આ મેં શું કર્યું? આવા ખાવા જેવા લાડુ આપી દીધા!' એમ તેની નિંદા કરવાથી ઉપભોગાંતરાય બાંધનાર મમ્મણ શેઠની વિડંબના શ્રેણિક રાજાએ વર્ષાઋતુમાં રાત્રીએ પોતાના મહેલમાં રહ્યા રહ્યા જોઈ. ૪. આ પ્રમાણે સંસારમાં થતી વિડંબના દેખીને ચક્રવાકી[૨] જેમ સૂર્યને ઇચ્છે છે અને ભોગી એવા ભ્રમરો જેમ કમળને ઇચ્છે છે તેમ હું શ્રી જિનચંદ્રના ચરણને-તેની સેવાને ચાહું છું. ૫. જિનમતી ને ધનશ્રી બંને સખીઓ અખંડ દીપકપૂજા કરવાથી શિવપદને પામી તેમ તમે પણ શ્રી શુભવીર પરમાત્માને પૂજો કે જેથી તમે પણ તેવું સુખ પામો. ૬.

## દીપક પૂજાનુ દૃષ્ટાંત.

દ્રવ્યદીપકની પૂજા કરી, તેથી જિનમતિ અને ધનશ્રી નામની બંને સખીઓએ ઉત્તમ કેવલજ્ઞાન રૂપી ભાવદીપકને ચેતાવીને મોક્ષ સુખ મેળવ્યું તે બીના ટુંકામાં આ પ્રમાણે સમજવી:-મેઘપુર નામના નગરમાં સુરદત્ત નામે શેઠ રહેતો હતો. તેમને શીલવતી નામે સ્ત્રી હતી. બંનેને સમ્યગ્દૃષ્ટિ જિનમતી નામે પુત્રી હતી તેને ધનશ્રી નામે મિથ્યાદૃષ્ટિ સખી હતી જિનમતિ હંમેશાં જિનમંદીરમાં પૂજાના પ્રસંગે ઉલ્લાસથી દીપક કરતી હતી. આ જોઈને ધનશ્રીએ પૂછયું કે-આમ કરવાથી શો લાભ થાય? તેના જવાબમાં જિનમતિએ જણાવ્યું કે-દેવતાઈ સુખ અને છેવટે મોક્ષપદ મળે પવિત્ર

૨ ચક્રવાક-ચક્રવાકીને રાત્રે વિયોગ જ રહે છે.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



આગમો સ્પષ્ટ જાહેર કરે છે કે–" દીપપૂજાના પ્રભાવે બુદ્ધિ વધે, અખંડ દેહ મળે શરીરની કાંતિ ચળકે, રોગાદિ કષ્ટ ટળે અને અનંગલ સંપદા મળે પાપરૂપ પતંગીયાનો જરૂર નાશ થાય" સખીનાં આ વચનો સાંભળીને ધનશ્રી તે પ્રમાણે હંમેશાં ત્રિકાલ દીપકપૂજા કરવા લાગી. જિનમતિની ઉત્તમ સોબત મળી છેવટે અનશન અંગીકાર કરીને સમાધિમરણ સાધીને દીપકપૂજાના પ્રભાવે, સૌધર્મ દેવલોકમાં દિવ્યરૂપાદિ ઋદ્ધિવાળી દેવી થઈ હંમેશના નિયમ મુજબ અપૂર્વ ઉલ્લાસથી જિનમતિ પજાના ટાઇમે કાયમ ત્રિકાલ દીપક પૂજા કરતી હતી. તે ધર્મમય સાત્ત્વિક જીવન ગુજારીને છેવટે જ્યાં ધનશ્રી ઉપજી હતી ત્યાંજ મહર્ધિક દેવી થઈ. બંને દેવીઓએ અહીં મેઘપુરમાં શ્રી ઋષભદેવનું ભવ્ય વિશાલ મંદીર બનાવીને ઉપરના ભાગે કળશ સ્થાપીને ત્યાં દીપક મૂક્યો. એ દીપક પૂજાનો પૂર્વનો સંસ્કાર સમજવો ધનશ્રી સ્વર્ગમાંથી ચ્યવીને હેમપુરના મકરધ્વજ રાજાની કનકમાલા નામે રાણી થઈ. ધ્યાનમાં રાખવું કે જિનમતિનો જીવ હજુ દેવલોકમાં દેવી પણે છે. તે દેવી રાતના પાછલે પહોરે કનકમાલાને પ્રતિબોધ કરવાની ખાતર કહેવા લાગી કે–હે રાણી! યાદ રાખજે કે તેં પાછલા ભવે પ્રભુની દીપકપૂજા કરી તેથી તને આ વિશાલ રાજ્યઋદ્ધિ મળી છે, એમ વારંવાર કહેવા લાગી. તો પણ રાણીને નિર્ણય થતો નથી કે આ કોણ કહે છે. છેવટે કેવલી મહારાજાની પાસેથી આ બાબતનો નિર્ણય થાય છે. દેશના સાંભળતાં જાતિ સ્મરણ જ્ઞાન પામી જૈન ધર્મ અંગીકાર કરે છે. જિનમતિ દેવીએ આ વાતની અનુમોદના કરી જણાવ્યું કે હું સ્વર્ગથી

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



ચ્યવીને અહીંજ સાગરદત્ત શેઠની સુદર્શના નામે પુત્રી થઈશ. ત્યારે તું મને જૈન ધર્મ પમાડજે. એમ કહી દેવી સ્વસ્થાને ગઇ. અવસરે જિનમતિદેવી ચ્યવીને સુલસાના ગર્ભમાં આવી. જન્મ થતાં સુદર્શના નામ પડયું. જ્યારે મોટી થઇ ત્યારે લાગ જોઇને કનકમાલાએ સુદર્શનાને શ્રીઋષભ પ્રભુના મંદિર ઉપર રહેલા રત્નદીપકની બીના કહી સંભળાવી. જેથી તે જાતિસ્મરણ જ્ઞાન પામી રાણીને ભેટી પડી અને સુદર્શનાએ ઘણાં વહાલથી રાણીનો ઉપકાર માન્યો. અહીં બંને અવસરે સંયમને અંગીકાર કરીને તેની અપૂર્વ ઉલ્લાસથી સાધના કરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ થયા. ત્યાંથી ચ્યવીને મનુષ્ય ભવમાં ચારિત્ર સાધીને શિવ સંપદા થશે.

---

## षष्ठाक्षत पूजा.

### દુહા.

વીર્યવિઘન ઘન પડળસેં, અવરાણું રવિતેજ;
કાળ ગ્રીષ્મ સમ જ્ઞાનથી, દીપે આત્મ સતેજ. ૧.
અક્ષત શુદ્ધ અખંડશું, નંદાવર્ત વિશાળ;
પૂરી પ્રભુ સન્મુખ રહી, થુણિયે જગતદયાળ. ૨.

### ઢાળ.

જિણંદા પ્યારા, મુણીંદા પ્યારા; દેખોરી જિણંદા ભગવાન, દેખોરી જિણંદા પ્યારા—એ આંકણી. ચરમ પય-

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



ડીકો મૂળ વિખરિયાં, ચરમ તીરથ [1]સુલતાન; દે૦ દર-શન દેખત મગન ભયે હૈ, માગત ક્ષાયિક દાન. દેખો૦ ૧ પંચમ વિઘનકા ક્ષય ઉપશમસે, હોવત હમ નહીં લીન; દે૦ પાંગળ બળહીના દુનિયામેં, વીરો સાળવી દીન. દેખો૦ ૨ હરિ બળ ચક્રી શક્ર જ્યું બળિયે નિર્બળ કુળ અવતાર; દે૦ બાહુબળી બળ અક્ષય કીનો, ધન ધન વાલીકુમાર. દેખો૦ ૩ સફળ ભયો નર જન્મ હમેરો, દેખત જિન દેદાર; દે૦ લોહચમક જ્યું ભગતિસે હળિયે, [2]પારસ સાંઇ[3] વિચાર. દે૦ ૪ કીરયુગળ વ્રીહી[4] ચંચુમે ધરતેં, જિન પૂજત ભયે દેવ; દે૦ અક્ષતસે અક્ષય પદ દેવે, શ્રી શુભવીરકી સેવ. દેખો૦ ૫.

॥ काव्यं ॥

क्षितितलेऽक्षतशर्मनिदानकं, गणिवरस्य पुरोऽक्षतमण्डलं ।
क्षतविनिर्मितदेहनिवारणं, भवपयोधिसमुद्धरणोद्यतं ॥ १ ॥
सहजभावसुनिर्मलतंडुलै-र्विपुलदोषविशोधकमंगलैः ।
अनुपरोधसुबोधविधायकं, सहजसिद्धमहं परिपूजये ॥ २ ॥

मंत्र–ॐ ह्रीँ श्रीँ परम० परमे० जन्म० श्रीमते० वीर्यांतराय-विच्छेदनाय अक्षतं यजामहे स्वाहा ॥

---

૧. તીર્થના રાજા. ૨. પાર્શ્વમણિ. ૩. સ્વામી. ૪. શાળ.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



# છઠ્ઠી અક્ષતપૂજાનો અર્થ.

## દુહાનો અર્થ.

વીર્યાંતરાયરૂપ વાદળાના પડળમાં આત્મારૂપ સૂર્યનું તેજ અવરાયેલું છે. તે ગ્રીષ્મકાળમાં હોય તેવા વિશેષ તેજ-વાળા જ્ઞાનરૂપ સૂર્યનો ઉદય થવાથી આત્મા તેજવાળો થાય અને દીપી નીકળે. ૧. શુદ્ધ (ઉજ્વળ) અને અખંડ અક્ષત-વડે વિશાળ નંદાવર્ત પૂરી, પ્રભુ સન્મુખ ઉભા રહી જગતદયાળ પ્રભુને થુણીએ–તેમની સ્તવના કરીએ. ૨.

## ઢાળનો અર્થ.

મુનિઓમાં તેમજ સામાન્ય કેવળી (જિન) માં ઇંદ્ર સમાન એવા પ્રભુને જુઓ. જિનેંદ્ર ભગવાનનાં દર્શન કરો, (કે જેથી તમારા પાપકર્મ દૂર થાય.) અંતરાય કર્મની છેલ્લી (પાંચમી) વીર્યાંતરાયરૂપ પ્રકૃતિને મૂળથી વિખેરીને–નાશ કરીને હે પરમાત્મા વીરપ્રભુ! તમે છેલ્લા શાસનના રાજા–તીર્થંકર થયા છો. આપના દર્શન કરીને અમે હર્ષમાં મગ્ન થયા છીએ અને આપની પાસે ક્ષાયિક ભાવે વીર્ય-ગુણનું દાન માગીએ છીએ. (તે ગુણ અમને ક્ષાયિક ભાવે પ્રગટ થાય એમ ઇચ્છીએ છીએ.) ૧. એ પાંચમી અંતરાય કર્મની પ્રકૃતિના ક્ષય ઉપશમથી અમે લીન થઇએ–ખુશી થઇએ તેમ નથી. એ પ્રકૃતિના ઉદયથી આ જગતમાં લુલા, પાંગળા, બળહીણ એવા અનેક પ્રકારના જીવો થાય છે. વીરો સાળવી પણ એથીજ દીન થયેલો છે. ૨. વાસુદેવ, બળદેવ, ચક્રવર્તી અને ઇંદ્ર જેવા બળિયા પણ એ પ્રકૃતિના

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



ઉદયથી આગામી ભવમાં નિર્મળ કુળમાં જન્મે છે-નિર્મળ થાય છે અને એ પ્રકૃતિનો દ્રઢ ક્ષયોપશમ કરવાથી બાહુ-બળી જેવા અક્ષય બળવાન થાય છે કે જેને ચક્રવર્તી પણ જીતી શકતા નથી; તેમજ વાલીકુમારને પણ ધન્ય છે કે જે રાવણ જેવા પ્રતિવાસુદેવને પણ કાખમાં ઘાલી સમુદ્ર ફરતો ફેરો મારી આવ્યા હતા. એવો આ પ્રકૃતિના દ્રઢ ક્ષયોપશમનો પ્રભાવ છે. ૩. હે પ્રભુ! આપના દર્શન થવાથી અમારો મનુષ્યજન્મ સફળ થયો છે. હવે આપને સાંઇને-પ્રભુને પાર્શ્વમણિ જેવા જાણીને અમે લોહચમકની જેમ ભક્તિવડે આપની સાથે હળીમળી જવા માગીએ છીએ. એટલે સુવર્ણરૂપ થઈ જવા ઇચ્છીએ છીએ. ૪. કીર-પોપટ તેનું યુગળ ચાંચમાં શાળ લાવીને પ્રભુની પાસે ધરવાથી પ્રભુપૂજા કરવાથી દેવ થએલ છે. શ્રી શુભવીર પ્રભુની અક્ષતવડે પૂજા કરવાથી તે પૂજા અક્ષયપદને-મોક્ષને આપે છે. ૫. (કીરયુગળની કથા શ્રી. વિજયચંદ્ર કેવળી ચરિત્ર ભાષાંતરમાં છે.)

## અક્ષત પૂજાનું દૃષ્ટાંત.

અક્ષતપૂજાના પ્રભાવે કીરયુગલ (પોપટના જોડલા) ને દેવતાઇ ઋદ્ધિ મળી અને છેવટે મુક્તિનો પણ લાભ થયો. તે બીના ટુંકામાં આ પ્રમાણે:-શ્રીપુર નગરની બહાર શ્રીઋષભદેવના મંદિરની આગળના ભાગમાં એક આંબાનું ઝાડ હતું. તે (વૃક્ષ) ની ઉપર એક શુક પક્ષીનું જોડલું રહેતું હતું. તેમાંની શુકી (સૂડી) એ પાછલા ભવમાં પરિ-વ્રાજિકા હતી. અહીંના રાજા શ્રીકાંત ને શ્રીદેવી (વિગેરે)

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



નામે રાણી હતી. પાછલા ભવના સ્નેહને લઇને તેને જોતાં આ સૂડીને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી તેણે રાજાને પહેલાંની બીના જણાવીને ખુશી કર્યો. અને પોતાના પતિ (સૂડી)ના પ્રાણ બચાવ્યા, અને રાજાએ પોતાના ક્ષેત્રમાં તે જોડાને ચણવાની રજા આપી. અવસરે આ સૂડીએ બે ઇંડા મૂક્યાં તેમજ તેની સપત્ની (શોક) બીજી સૂડીએ પણ એક ઈંડુ મૂક્યું. પ્રથમની સૂડીએ શોકનું ઇંડુ પોતાના માલામાં લાવી મૂક્યું. ત્યાં સોલ મુહૂર્ત સુધી રહ્યું. ઇંડુ નહિ જોવાથી શોક (સૂડી) તરફડવા લાગી. આ જોઇને દયા આવવાથી પ્રથમની સુડીએ તે ઈંડુ હતું ત્યાં પાછું મૂક્યું. ઇંડુ જોઇને શોક (સૂડી) શાંત થઇ. અવસરે તે બે ઇંડામાંથી બે બચ્ચાં (સૂડો-સૂડી) નીકળ્યાં. તેઓ રાજાના ખેતરની ચણ ખાઇને મોટા થવા લાગ્યા. એક વખત પ્રભુશ્રી ઋષભદેવને વંદન કરવા માટે જ્ઞાની ચારણમુનિ પધાર્યા. આ વખતે રાજા વિગેરે પણ હાજર હતા. તેઓએ વંદનાદિ વિધિ સાચવીને મુનિરાજનો અપૂર્વ આદર સત્કાર કર્યો અવસરે રાજાએ તે મુનિને અક્ષતપૂજાનું ફલ પૂછ્યું. જવાબમાં મુનિરાજે કહ્યું કે-જે ભવ્ય જીવો પ્રભુની આગળ અખંડ ઉજ્વલ અક્ષત (ચોખા) ની ત્રણ ઢગલી કરે તે જરૂર અખંડ મોક્ષ સુખ પામે. આ સાંભળીને જેમ નગરજનો અક્ષતપૂજા કરવા તૈયાર થયા. તેમ શુકમિથુને (સૂડા અને સૂડીએ) પણ ઉલ્લાસથી પ્રભુની આગળ ત્રણ અક્ષતના પુંજ કર્યા. એમ કરવાને પોતાના બચ્ચાઓને પણ ભલામણ (સૂચના) કરી. જેથી તેઓ પણ તેમ કરવા લાગ્યા. અંતે ચારે પક્ષીઓ પ્રભુની અક્ષતપૂજા કરવાથી બીજે ભવે દેવ લોકની ઋદ્ધિ પામ્યા.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



ત્યાંથી ચ્યવીને ચાર પક્ષીઓમાંથી શુક (બે બચ્ચાના બાપ) નો જીવ ત્રીજે ભવે હેમપુર નગરનો માલીક હેમપ્રભરાજા થયો અને સૂડીનો જીવ તેજ રાજાની જયસુંદરી નામે રાણી થઇ. એની શોક (બીજી સૂડી)નો જીવ તેજ રાજાની રતિ નામે રાણી થઈ. પ્હેલાં (સૂડીના ભવમાં) સપત્ની (શોક)નું ઇંડુ સોલ મુહૂર્ત સુધી પોતાના માળામાં રાખ્યું હતું તેથી ગાઢ પાપકર્મ બંધાયું. તેના પરિણામે આ ભવમાં રાણી જયસુંદરીને સોલ વર્ષ પર્યંત મદનકુમાર પુત્રનો વિયોગ સહેવો પડયો. આ બીના વિજયચંદ્ર કેવલીના ચરિત્રમાંથી વિસ્તારે જાણવી. મેં ત્યાંથી અહીં ટુંકામાં જણાવી છે. પુણ્યોદયે રાજા હેમપ્રભને કેવલીનો સમાગમ થતાં, તેણે કેવલી ગુરૂને પૂછયું કે–આવું સુખ મને કયા પુણ્યથી મળ્યું? જવાબમાં શ્રી કેવલી ભગવંતે કહ્યું કે–તમે શુક પક્ષીના ભવમાં પ્રભુશ્રી જિનેશ્વર દેવની આગળ ઉલ્લાસથી અક્ષતના ત્રણ પુંજ કર્યા હતા. તેથી જે પુણ્યાનુંબંધી પુણ્ય બંધાયુ તેના પરિણામે આ રાજ્ય ઋદ્ધિ આદિ સુખ મળ્યું છે. એનાજ પ્રતાપે અહીંથી ત્રીજે ભવે તું મોક્ષ સુખને જરૂર પામીશ. આ સાંભળીને રાજ્યમાં આવીને રાજાએ રતિ રાણીના પુત્રને રાજ્ય સોંપીને જયસુંદરી અને મદનકુમારની સાથે દીક્ષા ગ્રહણ કરીને ઉલ્લાસથી સાધીને હેમપ્રભમુનિ (રાજા હેમપ્રભ) મહાશુક્ર દેવલોકમાં ઇંદ્રની ઋદ્ધિ પામ્યા. અવસરે ત્યાંથી ચ્યવીને ઉત્તમ નરભવ પામીને સંયમની સાધના કરીને સીદ્ધિના સુખ પામશે.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



## सप्तम नैवेद्यपूजा.

### દુહા.

નિર્વેદી આગળ ધરો, શુચિ નવેદ્યનો થાળ;
વિવિધ જાતિ પકવાનશું, શાળિ અમૂલક દાળ. ૧.
અણાહારી પદ મેં કર્યા, વિગ્રહ ગઇએ અણંત;
દૂર કરો ઈમ કીજીએ, દિયો અણાહારી ભદંત. ૨.

### ઢાળ.

( રાગ—કાફી—અખિયનમેં ગુલજારા—એ દેશી. )

અખિયનમેં અવિકારા જિણંદા, તેરી અખિય-નમેં અવિકારા—આંકણી. રાગદ્વેષ પરમાણુ નિપાયા, સંસારી સવિકારા; જિ૦ શાંતરૂચિ પરમાણુ નિપાયા, તુજ મુદ્રા મનોહારા. જિ૦ ૧. દ્રવ્ય ગુણ પરજાય ને મુદ્રા, ચઉ ગુણ ચૈત્ય ઉદારા; જિ૦ પંચ વિઘન ઘન પડળ પલાયા, દીપત કિરણ હજારા. જિ૦ ૨. કર્મવિનાશી સિદ્ધસ્વરૂપી, ઇગતીશ ગુણ[1] ઉપચારા; જિ૦ વરણાદિક વીશ દૂર પલાયા, આગઇ પંચ નિ-વારા. જિ૦ ૩. તીન વેદકા છેદ કરાયા, સંગ રહિત સંસારા; જિ૦ અશરીરી ભવબીજ દહાયા, અંગ કહે

૧ આમાં ૩૧ ગુણ ગણાવ્યા છે તે સિવાય બીજી રીતે પણ ૩૧ ગુણ ગણાય છે તે આ પૂજાના અર્થમાં છેવટે લખ્યા છે.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



આચારા. જિ૦ ૪. અરૂપી પણ રૂપારોપણસેં, ઠવણા અનુયોગદ્વારા; જિ૦ વિષમ કાળ જિનબિંબ જિનાગમ, ભવિયણકું આધારા. જિ૦ ૫. મેવા મીઠાઈ થાળ ભરીને, ષટ્રસ ભોજન સારા; જિ૦ મંગળ તૂર બજાવત આવો, નરનારી કર થારા. જિ૦ ૬ નૈવેદ્ય ઠવી જિન આગે માગો, હલિ નૃપ સૂર અવતારા; જિ૦ ટાળી અનાદિ આહારવિકારા, સાતમે ભવ અણાહારા. જિ૦ ૭. સગવિહ શુદ્ધિ સાતમી પૂજા, સગગઈ સગભયહારા; જિ૦ શ્રી શુભવીર વિજયપ્રભુ પ્યારા, જિન આગમ જયકારા. જિ૦ ૮.

॥ काव्यं ॥

अनशनं तु ममास्त्विति बुद्धिना, रुचिरभोजनसंचितभोजनं ।
प्रतिदिनं विधिना जिनमंदिरे, शुभमते बत ढौकय चेतसा ॥१॥

कुमतबोधविरोधनिवेदक–र्विहितजातिजरामरणांतकैः ।
निरशनैः प्रचुरात्मगुणालयं, सहजसिद्धमहं परिपूजये ॥२॥

मंत्र–ॐ ह्रीँ श्रीँ परम० परमे० जन्म० श्रीमते० सिद्धपदप्रापणाय नैवेद्यं यजामहे स्वाहा ॥

## સાતમી નૈવેદ્યપૂજાનો અર્થ.

### દુહાનો અર્થ.

નિર્વેદી એવા પરમાત્માની આગળ પવિત્ર એવા નૈવેદ્યનો થાળ વિવિધ પ્રકારના પકવાન્નોથી અને શાળ એટલે

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



ચોખા અને અમૂલ્ય એવી હાળ વિગેરે અક્ષતથી ભરેલો ધરો અને પછી કહો કે—'હે પ્રભુ! મેં વિગ્રહગતિમા તો અણાહારીપણું અનંતી વખત પ્રાપ્ત કર્યું છે પણ તેનો મારે ખપ નથી, તેથી હે ભગવંત! તેવા અલ્પઅણાહારી પદને દૂર કરીને કાયમનું અણાહારીપણું જે સિદ્ધસ્થાનમાં છે તે આપો.' ૧-૨.

## ઢાળનો અર્થ.

હે જિનેંદ્ર! તમારી આંખમાં અવિકારીપણું છે, કિંચિત માત્ર પણ વિકાર નથી. આ સંસારી જીવો રાગ-દ્વેષના પરમાણુઓથી બનેલા છે તેથી તેઓ સવિકારી છે અને તમારી મુદ્રા શાંત રૂચિવાળા પરમાણુઓથી બનેલી છે, તેથી તે અત્યંત મનોહર અને અવિકારી છે. ૧. આપની ચૈત્ય એટલે પ્રતિમા દ્રવ્યથી, ગુણથી, પર્યાયથી અને મુદ્રાથી ચારે પ્રકારે ગુણવાળી છે—ઉત્તમ છે. આપે પાંચે અંતરાયરૂપ ગાઢ પડળને તદ્દન દૂર કરેલા હોવાથી આપ સહસ્ર કિરણવાળા સૂર્યની જેવા દીપો છો. ૨. આપ આઠે કર્મનો વિનાશ કરી સિદ્ધસ્વરૂપી થયા છો અને આપનામાં ઉપચારથી ૩૧ ગુણ ઉત્પન્ન થયા કહેવાય છે. ૩૧ ગુણ ક્યા? આપનામાંથી વર્ણ, ગંધ, રસ ને સ્પર્શના વીશે ઉત્તર ભેદો દૂર ગયા છે. પાંચે આગતિ-એટલે ચાર ગતિ મનુષ્યાદિ ને પાંચમી મોક્ષગતિ તેમાં (હવે આવવું નથી) આવવું તે આગતિ તેને દૂર કરી છે-નિવારી છે. ત્રણ વેદનો છેદ કર્યો છે. સંસારના સંગથી રહિત અસંગી થયા છો. ભવરૂપી બીજ આપે બાળી નાખ્યું છે તેથી અજન્મા થયા છો. આ પ્રમાણે શ્રી આચારાંગ સૂત્રમાં કહેલું છે. ૩-૪. વળી આપ

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



અરૂપી થયા છો, પરંતુ તેમાં રૂપનું આરોપણુ કરીને આપની પ્રતિમા બનાવવામાં આવે છે તે પૂજનિક છે એમ શ્રી અનુયોગદ્વાર સૂત્ર કહે છે. (આ પ્રમાણે ૨૦–૫–૩–૧–૧–૧ ગુણ થાય છે) આ વિષમ કાળમાં–પાંચમા આરામાં જિનબિંબ ને જિનાગમ [સિદ્ધાંતો] તેનો જ ભવ્ય જીવોને આધાર છે. ૫. હે ભવ્યાત્માઓ! તમે મેવા મીઠાઇના તેમ જ ષટ્રસ ભોજનના થાળ ભરીને તે થાળો પુરૂષો તથા સ્ત્રીઓના હાથમાં આપીને મંગળ વાજીંત્રો બજાવતાં પ્રભુ પાસે આવો અને તેમની પાસે તે નૈવેદ્યના થાળો સ્થાપન કરીને જેમ હળી–ખેડુત રાજા[1] થયેલ છે તે સુર ભવ કરી અનાદિ કાળનો આહારનો વિકાર ટાળી હઈ સાતમે ભવે અણાહારીપદ પામ્યા તેમ અમે પામીએ, એવું પ્રભુની પાસે માગો. આ સાત પ્રકારની શુદ્ધિ સહિત[2] કરેલી સાતમી પૂજા સાત ક્ષતિ અને સાત ભયને હરનારી છે. પ્યારા એવા શ્રી શુભવીર પરમાત્મા અને જિનના આગમ જયવંત વર્તે છે. ૬–૮.

બીજી રીતે ૩૧ ગુણ આઠ કર્મના નાશથી ઉત્પન્ન થાય છે. ૫ જ્ઞાનાવરણીય, ૯ દર્શનાવરણીય, ૨ વેદનીય, ૨ મોહનીય (દર્શન ને ચારિત્ર), ૪ આયુ, ૨ ગોત્ર, ૨ નામ (શુભ ને અશુભ), ૫ અંતરાય. કુલ ૩૧.

---

૧ હળી રાજાની કથા શ્રી વિજયચંદ્રકેવળીચરિત્રમાં છે.

૨ સાત શુદ્ધ ભૂમિશુદ્ધિ, ઉપકરણશુદ્ધિ, વસ્ત્રશુદ્ધિ મનશુદ્ધિ, વચનશુદ્ધિ, કાયશુદ્ધિ અને દ્રવ્યશુદ્ધિ.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



# નૈવેદ્યપૂજાનું દૃષ્ટાંત.

નૈવેધપૂજા કરવાથી હલીરાજાએ સાતમે ભવે મોક્ષ સુખ સ્વાધીન કર્યું તે બીના ટુંકામાં આ પ્રમાણે જાણવીઃ– ભરત ક્ષેત્રમાં ક્ષેમા નામે એક નગરી હતી. ત્યાં સુરસેન નામે રાજા રાજ્ય કરતા હતા. આ નગરીથી થોડેક દૂર શૂન્ય જંગલમાં શ્રીઋષભદેવ પ્રભુનું મંદિર હતું. ત્યાં બીજા આશાતના કરનારા દુષ્ટ પુરૂષો દાખલ ન થાય આ ઈરાદાથી એક દેવ સિંહનુરૂપ કરીને ઉભો રહેતો હતો, અહીં નજીકમાં એક નિર્ધન કણબીનું ખેતર હતું. તે અહીં ખેતી કરતો હતો. તેવામાં ચારણમુનીશ્વરના દર્શન થયા. ખેડુત પરમ ઉલ્લાસે તેમને વાંદીને આ પ્રમાણે પ્રશ્ન પૂછવા લાગ્યો કે–હું જન્મથીજ દુઃખિયો કેમ રહું છું? મુનિરાજે જવાબમાં કહ્યું કે તેં પાછલા ભવે મુનિને દાન દીધું નથી, અને પ્રભુની આગળ નૈવેદ્ય ધર્યું નથી, તેથી તારી આવી નિર્ધન અવસ્થા જણાય છે. આ સાંભળીને તે હલીએ (હલ રાખે માટે હલી કહેવાય–ખેડુત) મુનિની પાસે અભિગ્રહ લીધો કે-હું હંમેશા મારે માટે જે ભોજન આવશે તેમાંથી શ્રી જિનેશ્વર પ્રભુની પાસે એક પિંડ ધરીશ. અને છતી જોગવાઈએ મુનિરાજને દાન દઈને જમીશ. આ બાબત મુનિએ અનુમોદના કરી. મુનિરાજે વિહાર કર્યો અને ખેડુત ખેતરમાં ગયો. લીધેલો નિયમ બરોબર પાલતો હતો. હમેશના નિયમ મુજબ પ્રતીજ્ઞાનું પાલન કરવા છતાં તે એક વખત નૈવેદ્ય પૂજા ભુલી ગયો. ને ઘણી ભૂખ લાગવાથી જ્યાં ખાવાની તૈયારી કરે છે તેવામાં તે નિયમ યાદ આવ્યો તેથી નૈવેદ્ય લઈને

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



જ્યાં મંદિરમાં જાય છે ત્યાં તેણે દરવાજાની પાસે સિંહ દીઠો. થોડીવાર વિચારમાં પડયો. હિંમત ધરીને મરણની પણ પરવા નહિં રાખીને જ્યાં મંદિરની અંદર દાખલ થાય છે. ત્યાં તો સિંહ અદશ્ય થયો. નૈવેદ્યપૂજા કરીને તે જમવાની તૈયારી કરે છે તેવામાં પેલો દેવ [સીંહ] મુનિનું રૂપ કરી ત્યાં આવ્યો. ત્યારે ખેડુતે ઉલ્લાસથી વ્હોરાવ્યું. ફરી ક્ષુલ્લકમુનિનું અને સ્થવિરમુનિનું રૂપ કરી તે આવ્યો. તો પણ તેણે દાન દીધું. લીધેલ નિયમમાં આવી દ્રઢ—પ્રિતિ જોઈને તેણે (દેવે) મૂલ રૂપે પ્રત્યક્ષ થઈને વરદાન દીધું કે—તારૂં દારિદ્રય (નિર્ધનપણું) નાશ પામશે. આ વાતની તેની સ્ત્રીએ અનુમોદના કરી. પુણ્યાનુંબંધી પુણ્યનો બંધ કર્યો. રાજા સુરસેનને વિષ્ણુશ્રી નામે પુત્રી હતી. તે રાજકુંવરીએ સ્વયંવર મંડપમાં બીજા બધા રાજકુંવરોને છંડીને આ હલી (ખેડુત)ને વરમાલા પ્હેરાવી. એમાં માંહો માંહે ઘણું યુદ્ધ થયું. પણ છેવટે ખેડુતે દેવની સહાયથી વિજય પતાકા મેળવી. રાજાએ ધામધુમથી લગ્ન મહોત્સવ કર્યો. સાથે સૂરસેન રાજાએ જમાઇને રાજ્યાભિષેક કરી રાજા બનાવ્યો. કારણકે તે અપુત્રિયો હતો. આ બધો નૈવેદ્યપૂજાનો પ્રભાવ જાણીને ખેડુત સપરિવાર વધારે ધર્મારાધન કરવા લાગ્યો. તેમાં નૈવેદ્યપૂજાનો નિયમ પણ કાળજીપૂર્વક પાળે છે. સહાયક દેવ, દેવતાઇ આયુષ્ય પુરૂં થતાં આ હલી રાજાની વિષ્ણુશ્રી રાણીનો કુમુદ નામે પુત્ર થયો. અનુક્રમે તે મોટો થયો ત્યારે પરમ શ્રાવક હલી રાજાએ તેને રાજ્ય સોંપીને અંતિમ આરાધના કરીને સૌધર્મ દેવલોકે

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



દેવપણાની ઋદ્ધિ મેળવી દેવ થયો. અહીં અવધી જ્ઞાનથી જાણ્યું કે આ બધું નૈવેદ્યપૂજાનું પરિણામ છે જેથી તેણે પુત્રને પ્રતિબોધ કરીને ધર્મી બનાવ્યો. અને વિશેષે કરી નૈવેદ્યપૂજાનો રસિયો કર્યો. તે દેવ હવે દેવભવનાં અને મનુષ્યભવનાં પાંચભવ પૂરા કરીને સિદ્ધિ સુખ પામશે. એ બધો પ્રભુની નૈવેદ્યપૂજાનો પ્રભાવ સમજવો.

---

## अष्टम फलपूजा.

### દુહા

અષ્ટ કર્મદળ ચૂરવા, આઠમી પૂજા સાર;
પ્રભુ આગળ ફળ પૂજતાં, ફળથી ફળ નિરધાર. ૧

ઇંદ્રાદિક પૂજા ભણી, ફળ લાવે ધરી રાગ;
પુરૂષોત્તમ પૂજી કરી, માગે શિવફળત્યાગ.[1] ૨

### ઢાળ.

[ રાગ ધનાશ્રી. ગીરૂઆરે ગુણ તૃમતણા—એ દેશી. ]

પ્રભુ તુજ શાસન અતિ ભલું, માને સુરનાર રાણો રે;
મિચ્છ અભવ્ય ન ઓળખે, એક અંધો એક કાણો રે. પ્ર૦૧
આગમ વચણે જાણીએ, કર્મતણી ગતિ ખોટી રે;

---

૧ શિવફળનો ત્યાગ એટલે દાન માગો.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



તીસ કોડાકોડી સાગરૂ, અંતરાય થિતિ મોટી રે. પ્ર૦૨
ધ્રુવબંધી ઉદયી તથા, એ પાંચે ધ્રુવ સત્તા રે;
દેશઘાતિની એ સહી, પાંચે અપરિચત્તા રે. પ્ર૦૩
સંપરાય બંધે કહી, સત્તા ઉદયે થાશી રે;
ગુણઠાણું લહી બારમું, નાઠી જીવવિપાકી રે. પ્ર૦૪
જ્ઞાન મહોદય તેં વર્યો, ઋદ્ધિ અનંત વિલાસી રે;
ફળપૂજા ફળ આપીએ, અમે પણ તેહના આશી રે. પ્ર૦૫
કીરયુગળ શું દુરગતા, નારી જિમ શિવ પામી રે;
અમે પણ કરશું તેહવી, ભક્તિ નરાખું ખામી રે. પ્ર૦૬
સાચી ભકતે રીઝવી, સાહિબ દિલમાં ધરશું રે;
ઓચ્છવ રંગ વધામણા, મનવાંચ્છિત સવિ કરશું રે. પ્ર૦૭
કર્મસુડન તપતરૂ ફળે, જ્ઞાન-અમૃત રસ ધારા રે;
શ્રી શુભવીરને આશરે, જગમાં જયજયકારા રે. પ્ર૦૮

॥ काव्यं ॥

शिवतरोर्फलदानपरैर्नवै-र्वरफलैः किल पूजय तीर्थपम् ।
त्रिदशनाथनतक्रमपंकजं, निहतमोहमहीधरमंडलम् ॥ १ ॥

शमरसैकसुधारसमाधुरै-रनुभवाख्यफलैरभयप्रदैः ।
अहितदुःखहरं विभवप्रदं, सकलसिद्धमहं परिपूजये ॥ २ ॥

मंत्र-ॐ ह्रीँ श्रीँ परम० परमे० जन्म० श्रीमते० अष्टम-कर्मोच्छेदनाय फलं यजामहे स्वाहा ॥

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



# આઠમી ફળપૂજાનો અર્થ.

## દુહાનો અર્થ.

આઠ કર્મના અથવા આઠમા કર્મના દળને[૧] ચૂરવા માટે આઠમી પૂજા કરવાની છે. પ્રભુની આગળ ફળવડે પૂજા કરવાથી ફળની–મોક્ષફળની પ્રાપ્તિ અવશ્ય થાય છે. ૧. ઇંદ્રાદિક પણ પ્રભુની પૂજા કરવા કલ્પવૃક્ષાદિના ફળો લાવે છે, તેથી તે પ્રમાણે પુરૂષોત્તમ–પરમાત્માની ફળપૂજા કરી તમે શિવફળનું દાન માગો–'અમને મોક્ષફળ આપો' એમ કહો. ૨.

## ઢાળનો અર્થ.

હે પ્રભુ! તમારૂં શાસન અત્યંત શ્રેષ્ઠ છે. તેને દેવના અને મનુષ્યના રાણા જે ઇંદ્ર અને રાજાઓ તે માને છે–માન્ય કરે છે. માત્ર જે જીવો મિથ્યાત્વી કે અભવ્ય હોય છે તે તેને ઓળખતા નથી, કારણ કે તેમાં એક અંધ છે અને બીજો કાણો છે. મિથ્યાત્વી અજ્ઞાનવડે-મિથ્યાત્વના ઉદયવડે [જ્ઞાન ક્રિયારૂપ બંને નેત્રો ન હોવાથી] અંધ છે, અને અભવ્ય ક્રિયા કરે છે, પણ સમ્યગજ્ઞાને રહિત છે તેથી એક આંખે કાણો કહેવાય છે. ૧. સિદ્ધાંતના વચનોથી જાણીએ છીએ કે કર્મોની ગતિ બહુ ખોટી છે. જીવોને સંસારમાં ભ્રમણ કરાવનારી છે. અંતરાય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોડાકોડી સાગરોપમની છે. એનો પાંચે ઉત્તરપ્રકૃતિઓ ધ્રુવબંધી છે, ધ્રુવઉદયી છે, ધ્રુવસત્તાક છે, દેશઘાતી છે અને અપરાવર્તમાન છે. ૩. એનો બંધ સૂક્ષ્મસંપરાય દશમા ગુણઠાણા સુધી છે, અને સત્તામાંથી

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



ને ઉદયમાંથી બારમું ગુણઠાણું જીવ પામે ત્યારે તે ગુણઠાણાને અંતે જાય છે અને જીવવિપાકી છે. ૪. હે પ્રભુ! તેં એનો ક્ષય કરીને જ્ઞાનમહોદય-કેવળજ્ઞાન પ્રાપ્ત કરેલ છે અને આત્માની અનંતી ઋદ્ધિના વિલાસી-ભોક્તા થયા છો. અમે પણ તે ફળની આશા ધરાવનારા છીએ તેથી ફળપૂજા કરીને 'ફળ આપો' એમ માગીએ છીએ. ૫. કીરયુગળ-પોપટનું જોડલું અને દુર્ગતા સ્ત્રી[1] એ ફળપૂજા કરવાથી જેમ મોક્ષને પામ્યા છે તે જ પ્રમણે અમે પણ આપની ભક્તિ કરશું, તેમાં ખામી રાખશું નહીં. અને એવી સાચી શુદ્ધ અંતઃકરણની ભક્તિથી સાહિબને-આપને રીઝવીને આપને દિલમાં ધારણ કરશું. એટલે પછી ઓછવરંગ વધામણા થશે અને અમે અમારા બધા મનોવાંચ્છિત પૂર્ણ કરીશું. ૬-૭ આ કર્મસૂદન તપરૂપ વૃક્ષ ફળિભૂત થાય અને તેમાંથી જ્ઞાનરૂપી અમૃતની ધારા પ્રગટે એટલે હે શુભવીર પ્રભુ! તમારા આશ્રયથી અમારો પણ જગતમાં જયજયકાર થાય. ૮.

## ફલ પૂજાનુ દષ્ટાંત.

પ્રભુદેવની ફળપૂજા કીર યુગલે એટલે શુક પક્ષીના જોડલાએ અને એક ગરીબ સ્ત્રીએ તથા શ્રી પુરૂષોત્તમરાજાએ પરમ હર્ષથી કરી જેથી ઉત્તમ દેવલોકની ઋદ્ધિ પામ્યા એમાં નવાઈ શી? પણ થોડા સમયમાં મુક્તિપદ

૧ કીરયુગળ ને દુર્ગતા સ્ત્રીની કથા શ્રી વિજયચંદ કેવળી ચરિત્રના ભાષાંતરમાં છે. ત્યાંથી વાંચવી.

For Private And Personal

પણ પામ્યા. એ કીરયુગલ અને ગરીબ સ્ત્રીની હકીકત ટુંકમાં આ પ્રમાણે જાણવી.:–કંચનપુરી નામની નગરીની બહાર શ્રી અરનાથ પ્રભુના મંદિરની નજીકના ભાગમાં એક આંબાનું ઝાડ હતું. તેની ઉપર એક શુક પક્ષીનું જોડલું આનંદથી રહેતું હતું. એક વખત આ જિન મંદીરમાં મહોત્સવ પ્રવર્ત્યો. આ પ્રસંગે સપરિવાર 'નરસુંદર' રાજાએ અહીં આવીને પ્રભુની ઉલ્લાસથી ફળપૂજા કરી. એ એક ગરીબ સ્ત્રીએ જોઇને અનુમોદના કરી. અવસરે પેલા શુક પક્ષીએ આને એક ફલ આપ્યું. તેથી એણે [ ગરીબ સ્ત્રીએ ] ઉલ્લાસથી પ્રભુ દેવની ફલપૂજા કરી. એમ શુકપક્ષીના જોડાલાએ પણ ફલપૂજા કરી. ફલ પૂજાના પ્રભાવે એ ગરીબ સ્ત્રી દેવ લોકમાં દેવ થઇ અને શુકનો જીવ ગંધિલા નગરીમાં સૂર રાજાનો ફલસાર નામે કુંવર થયો અને સુડી નો જીવ રાયપુર નગરમાં સમરકેતુ રાજાની ચંદ્રલેખા નામે રાજ કુંવરી થઈ દુર્ગત [ ગરીબ સ્ત્રીનો જીવ ] દેવના કહેવાથી કુમાર ફલસાર ચંદ્રલેખાના સ્વયંવર મંડપમાં શુક યુગલનું ચિત્ર લઇને ગયો. ચિત્રને જોતાં કુંવરીને જાતિસ્મરણ જ્ઞાન થયું. જેથી જાણેલી બિના પિતાને જણાવીને તેણે ફલસારને વરમાલા પ્હેરાવી અનુક્રમે ફલસાર લગ્ન થયા બાદ સ્વ. નગરીમાં આવ્યો દુર્ગત દેવની સહાયથી ચિંતિત અર્થો જલ્દી મેળવે છે. અને ચંદ્રલેખાને સર્પ કરડયો, ત્યારે દેવ વૃક્ષની માંજરીના પ્રયોગથી નિર્વિષ પણ બનાવે છે. અવસરે સૂર રાજાએ ફલસારને રાજ્ય સોંપીને શ્રી શીલંધર સૂરીશ્વર મહારાજની પાસે પરમ ઉલ્લાસથી દીક્ષા ગ્રહણ કરી આત્મકલ્યાણ સાધ્યું. રાજા ફલસારને ચંદ્રસાર નામે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



કુંવર હતો. તે પણ 'બાપ એવા બેટા' આ કહેવત પ્રમાણે પ્રભુ દેવની હંમેશાં પિતાની માફક ફુલપૂજા કરતો હતો. તેમજ બીજું પણ નવપદ આરાધનાદિ ધાર્મિક અનુષ્ઠાન પૂર્ણ ઉલ્લાસથી કરતો હતો. કુમાર ચંદ્રસારને રાજ્ય સોંપીને પિતાની માફક રાજા ફુલસારે પણ પોતાની રાણી સહિત તીવ્ર ઉલ્લાસથી દીક્ષાની આરાધના કરીને સાતમા મહા શુક્ર દેવલોકની દેવતાઇ ઋદ્ધિ મેળવી. ભવિષ્યમાં તે સાતમે ભવે સિદ્ધિ પદ પામશે. એમ દુર્ગંત દેવપણ સાતમે ભવે સિદ્ધિ પદ પામશે. આ બધો ફુલ પૂજાનો પ્રભાવ સમજવો.

જિનેશ્વરની પ્રતિમા પૂજવાનું કારણ કહે છેઃ–

ચિત્તનું આરોગ્ય પ્રગટે, પૂજને પ્રભુ દેવના,
શરીરનું આરોગ્ય પણ છે, ચિત્ત આધીન ભૂલના
પ્રત્યક્ષ જિનવર વિરહકાલે, આશરો શ્રુત બિંબનો.
એહના આલંબને જનપાર પામે ભવતણો. ૫૬.

અર્થઃ–પ્રભુદેવ જે તીર્થંકર ભગવાન તેમની પૂજા કરવાથી ચિત્તનુ–મનનું આરોગ્ય છે. મન નિર્મળ બને છે. વળી મનની આરોગ્યતાને આધીન શરીરની આરોગ્યતા રહેલી છે કહ્યું છે કેઃ–चित्तायत्तं धातुबद्धं शरीरं-नष्टे चित्तं धातवो यांति नाशं ॥ तस्माच्चित्तं यत्नतो रक्षणीयं स्वस्थे चित्ते बुद्धय: संचलंति ॥१॥ એ વાત તું ભૂલીશ નહિં આ પંચમ આરામાં આ ક્ષેત્રમાં પ્રત્યક્ષ–સાક્ષાત જીનેશ્વરના વિરહકાલે વિયોગમાં જિનરાજ પ્રરૂપિત શ્રુતજ્ઞાન–સિદ્ધાંત તથા બિંબ જિનેશ્વરની પ્રતિમા એ બેજ શરણરૂપ છે. અને એ બેના આલંબનથી–આધારથી માણસો આ સંસારના પારને પામે છે.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



## કલશ.

(રાગ-ધનાશ્રી, તૂઠો તૂઠો રે—એ દેશી.)

ગાયો ગાયો રે મહાવીર જિનેશ્વર ગાયો—આંકણી. ત્રિશલામાતા પુત્ર નગીનો, જગનો તાત કહાયો; તપ તપતાં કેવળ પ્રગટાયો, સમવસરણ વિરચાયો રે. મહા૦ ૧. રયણ સિંહાસન બેસી ચઉમુખ, કર્મસુડણ તપ ગાયો; આચારદિનકરે વર્ધમાનસૂરિ, ભવિ ઉપગાર રચાયો રે. મહા૦ ૨. પ્રવચનસારોદ્ધાર કહાવે, સિદ્ધસેનસૂરિરાયો; દિન ચઉસઠ્ઠી પ્રમાણે એ તપ, ઉજમણ નિરમાયો રે. મહા૦ ૩. ઉજમણાથી તપફળ વાધે, એમ ભાખે જિનરાયો; જ્ઞાન ગુરૂ ઉપગરણ કરાવો, ગુરૂગમ વિધિ વિરચાયો રે. મહા૦ ૪. આઠ દિવસ મળી ચોસઠ પૂજા, નવ નવ ભાવ બનાયો; નરભવ પામી લાહો લીજે, પુણ્યે શાસન પાયો રે. મહા૦ ૫. વિજયજિનેંદ્રસૂરીશ્વર રાજ્યે, તપગચ્છકેરો રાયો; ખુશાલવિજય માનવિજય વિબુધના, આગ્રહથી વિરચાયો રે. મહા૦ ૬. વડ ઓશવાળ ગુમાનચંદસુત, શાસન રાગ સવાયો; ગુરૂભક્તિ શા ભવાનચંદ નિત્ય, અનુમોદન ફળ પાયો રે. મહા૦ ૭. મૃગ બળદેવ મુનિ રથકારક, ત્રણ હુવા એક ઠાયો;[૧] કરણ કરાવણ ને અનુમોદન, સરિખા ફળ નિપજાયો રે.

---

૧. આ કથા પણ પાછળ આપેલી છે.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



**મહા૦ ૮ શ્રી વિજયસિંહસૂરીશ્વરકેરા, સત્યવિજય બુધ ગાયો; કર્પૂરવિજય તસ ખીમાવિજય જસ, વિજયપરંપર ધ્યાયો રે. મહા૦ ૯. પંડિત શ્રી શુભવિજય સુગુરૂ મુજ, પામી તાસ પસાયો; તાસ શિષ્ય ધીરવિજય સલુણા, આગમરાગ સવાયો રે. મહા૦ ૧૦. તસ લઘુ બાંધવ રાજનગરમેં, મિથ્યાત પુંજ જલાયો; પંડિત વીરવિજય કવિરચના, સંઘ સકળ સુખદાયો રે. મહા૦ ૧૧. પહેલો ઉત્સવ રાજનગરમેં, સંઘ મળી સમુદાયો; કરતા જિમ નંદીશ્વર દેવા, પૂરણ હર્ષ સવાયો રે. મ૦૧૨.**

**કવિત.**

**શ્રુતજ્ઞાન અનુભવતાન મંદિર બજાવત ઘંટા કરી,**
**તવ મોહપુંજ સમૂલ જલતે ભાગતે સગ ઠીકરી;**
**હમ રાજતે જગ ગાજતે દિન અખય તૃતીયા આજ થેં,**
**શુભવીર વિક્રમ વેદ[४] મુનિ[७] વસુ[८] ચંદ્ર[१] (૧૮૭૪) વર્ષ વિરાજતે.**

(આ કળશ હરરોજ એકેક કર્મની આઠ–આઠ પૂજા ભણાવીને પ્રાંતે કહેવાનો છે.)

## કળશનો અર્થ.

મેં મહાવીર જિનેશ્વરના ગુણોનું જ્ઞાન કર્યું. ત્રિશલામાતાના પુત્રશ્રેષ્ઠ કે જેમણે તપ તપીને કેવળજ્ઞાન પ્રગટ કર્યું એટલે તરતજ દેવોએ સમવસરણ રચ્યું. તેમાં રત્નસિંહાસન ઉપર બેસીને તેમણે ચતુર્મુખે કર્મસૂદન તપ પ્રરૂપ્યો–કહ્યો. તે તપ શ્રી આચારદિનકર ગ્રન્થમાં ભવ્ય-

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



જીવોના ઉપકાર માટે શ્રી વર્દ્ધમાનસૂરિએ વર્ણવ્યો, તેમજ શ્રી પ્રવચનસારોદ્ધાર ગ્રંથમાં શ્રી સિદ્ધસેનસૂરીશ્વરે એ તપ કહ્યો-તે તપ ૬૪ દિવસ પ્રમાણ-આઠ ઓળીવડે કરવાનો છે અને તેની પ્રાંતે ઉજમણું કરવાનું છે. ૧-૨-૩.

ઉજમણું કરવાથી તપનું ફળ વૃદ્ધિ પામે છે એમ શ્રી જિનેશ્વરે કહ્યું છે તે ઉજમણા માટે જ્ઞાનના, દર્શનના અને ગુરૂને વાપરવાના (ચારિત્રના) ઉપગરણો કરાવો અને તેનો વિધિ ગુરૂગમથી જાણીને સારી રીતે ઉદ્યાપન કરો. તે ઉદ્યાપનમાં આઠ દિવસ મળીને ૬૪ પૂજા જે ઉપર કહી ગયા તે ભણાવો અને તેમાં નવા-નવા શુભ ભાવ ઉત્પન્ન કરો. આ મનુષ્યનો ભવ પામીને તેમાં ખરેખરો તે જ લાહો લેવાનો છે. હે ભવ્યો! આ જૈનશાસન પૂર્વના પુણ્યોદયથી જ પ્રાપ્ત થયું છે. ૪-૫.

તપગચ્છના રાજા શ્રી વિજયજિનેંદ્રસૂરિના વર્તતા રાજ્યમાં શ્રી ખુશાલવિજયજી અને માનવિજયજી ઉપાધ્યાયના આગ્રહથી આ પૂજાની રચના મેં કરી છે. વડઓશવાળ જ્ઞાતિના ગુમાનચંદના પુત્ર જેને સવાયો શાસનનો રાગ છે એવા ભવાનચંદે ગુરૂભક્તિપૂર્વક આ રચનાની અનુમોદના કરીને તદ્યોગ્ય ફળ મેળવ્યું છે. હરણ, બળભદ્ર મુનિ અને રથકારક એ ત્ર એ જેમ કરણ, કરાવણ ને અનુમોદન-કરવું, કરાવવું ને અનુમોદવું-તેથી સરખા ફળની પ્રાપ્તિ કરી છે- ત્રણે પાંચમે દેવલોકે દેવ થયા છે, તેમ આ કાર્યમાં પણ કરનાર પંડિત વીરવિજયજી, કરાવનાર ખુશાલવિજય ને માનવિજય ઉપાધ્યાય અને અનુમોદનાર ઓશવાળ ભવાનચંદ-ત્રણે

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



સરખા ફળ મેળવો એમ કર્ત્તા કહે છે. ૬-૮.

શ્રી વિજયસિંહસૂરીશ્વરના ક્રિયાઉદ્ધાર કરનાર શિષ્ય સત્યવિજય ઉપાધ્યાય થયા, તેમના કર્પૂરવિજય થયા, તેમના ક્ષમાવિજય થયા–એ પ્રમાણે વિજયપરંપરા ચાલી. તે ક્ષમાવિજયના શિષ્ય શુભવિજય થયા જે મારા ગુરૂ થાય છે. તેમના પ્રસાદને પામીને મેં આ રચના કરી છે. તેમના મુખ્ય શિષ્ય શ્રી ધીરવિજયજી ઉત્તમ અને આગમના સવાયા રાગવાળા થયા, તેમના લઘુ ગુરૂભાઈ કે જેમણે રાજનગર (અમદાવાદ) માં મિથ્યાત્વનો પુંજ બાળી નાખ્યો–ઢુંઢક પક્ષને નિરૂત્તર કર્યો એવા શ્રી વીરવિજયજી પંડિતે સકળ સંઘને સુખકારક એવી આ રચના કરી છે. આ રચના થયા પછી પહેલો રાજનગરમાં અઠ્ઠાઈ મહોત્સવ શ્રી સંઘના સમુદાયે મળીને જેમ નંદીશ્વરદ્વીપે દેવતાઓ કરે છે તેવો સવાયા–પૂરેપૂરા હર્ષથી કર્યો. ૯ થી ૧૨.

શ્રુતજ્ઞાનના અનુભવરૂપ શ્રેષ્ઠ મંદિરમાં ઉદ્‌ઘોષણરૂપ ઘંટ બજાવ્યો ત્યારે મોહનો પુંજ બધો મૂળમાંથી બળી ગયો–નાશ પામ્યો એટલે સમકિતને રોકનારી મોહનીકર્મની સાત પ્રકૃતિરૂપ ઠીકરી ભાંગી ગઈ, અથવા મોહની કર્મ નાશ પામતાં બાકીના સાત કર્મોરૂપ ઠીંકરી ભાંગી ગઇ–નાશ પામી. (મોહનીકર્મ નાશ પામતાં બાકીના સાત કર્મોને અહીં ઠીંકરીની ઉપમા આપી છે અર્થાત્ તે બળ વિનાના થઈ જાય છે.) અને અમે શુભવીરના સેવકો વર્તમાન વિક્રમ સંવત ૧૮૭૪ ના વર્ષમાં વૈશાખ શુદિ ૩ (અક્ષય તૃતીયા) ને દિવસે અત્યંત રાજી થયા અને જગતમાં ગાજી ઉઠયા–ગાજી રહ્યા. ઇતિ.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



## શ્યામલ પાર્શ્વનાથ જિન સ્તવન.

( રાગ : વેલાઉલ )

મેરે સાહેબ પાસજી, પ્રભુ વામા નંદા,
ખીજમતગાર ગરીબ હું, મેં તેરા બંદા ॥ મેરે૦ ૧ ॥
સેવા સારે વાસુકી, લંછન મિસે ઇંદા,
તુમ ઉપગાર સુધારસે, થયો તે ધરણિંદા ॥ મેરે૦ ૨ ॥
અનુભવ તેજ પ્રકાશથી, જિત કોડી દિણંદા,
નિજદાને દાસી કર્યાં, સુરમણિ હરીચંદા ॥ મેરે૦ ૩ ॥
શામલ પાસ સોહંકરૂં, સમ મેરૂ ગિરિંદા
સાહિબ સુનજરથી હોવે, નિતુ પરમાનંદા ॥ મેરે૦ ૪ ॥
અવર દેવ તુમ અંતરો, જિમ મહિષ ગઇંદા,
દેવ દેવાધિપણે કરી; પિચુમંદ માકંદા. ॥ મેરે૦ ૫ ॥
ત્રિભુવન ભવને વિસ્તર્યા, જસ ગુણ મકરંદા,
જ્ઞાન વિમલ સેવા કરે, પ્રભુપદ અરવિંદા. ॥ મેરે૦ ૬ ॥

## શ્રી વીર સ્તવન.

વીર હમણે આવે છે, મારે મંદીરીયે, મંદીરીયેરે વીર મંદીરીએ.
પાયે પડીને મેં તો ગોદ બિછાઉ, નિતનિત વિનતડી કરીયે વી.૧.
સજન કુટુંબ પુત્રાદિકને હરખે ઇણીપેરે ઉચ્ચરીએ વી૦ ૨
જબ પ્રભુ આંગણે વીર પધારે નવવચ્છ સનમુખ ડગભરીયે વી૦ ૩
સયણા સુણો ને ભવિયણ પડિલાભી જે તો ભવસાગર તરીયે વી૦ ૪
અપ્રતિબંધ પણે મહાવીરજી, ઘર ઘર ભિક્ષાને ફરીએ વી૦ ૫
અભિનવ શેઠ તણે ઘેર પારણું કીધું ફરતા ગોચરીએ વી૦ ૬
ઇમ ભાવના કરતાં શ્રવણે સુણી; દેવ દુન્દુભિરે ચિત્ત ભરીએ વી૦૭
બારમા કલ્પે જીરણ આયુ, બાંધ્યું વિરજિનને ઉત્તમ ચિત્ત ધરીયે ૮
તસપદ પદ્મની સેવા કરતાં સેજે શિવ સુંદરી વરીએ વી૦ ૯

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir

## સ્તવન.

વિનતડી મન મોહન મારી સાંભળો, હું પામર છું
શેવક નીપટ અણુઝ જો, લાંબુ ટુંકું હું કાંઈ જાણું
નહિ, ત્રિભુવન નાયક તારા ઘરનું ઘુઝ જો ૧
પહેલા છેલ્લા ગુણ ઠાંણાનું અતરૂં, તુજ મુજ માંહે
આબે હુબ જણાય જો, અંતર મેરૂ સરસવ બિંદુ
સિંધુનો, શી રીતે હવે ઉભય સંઘ સંધાય જો વિ. ૨
પાપ અઢારે દોષ આઢારે તેં તજ્યા,
ભાવ દશા પણ દૂરે કીધી અઢારજો;
સઘળા દૂર્ગુણ પ્રભુજી મેં અંગી કર્યા,
કેમ કરી હવે થાઉં એકા કારજો. વિનતડી ૩
વાસ વિના પણ આણા માને તાહરી,
જડ ચેતન જે લોકા લોક મંડાણ જો;
હું અપરાધી તુંમ આણા માનું નહિ,
કહો ને સ્વામી કેમ પામું નિરવાણ જો. વિનતડી ૪
અંતરગતની વાત વિસ્તારી હું કહું, પણ ભિતરમાં
કોરો આપો આપજો; ભાવ વિનાની ભક્તિ લૂખી
નાથજી, આશિષ આપો કાપો સઘળા પાપજો ૫
આદર્શ આણા સુર નરતા પ્રભુ તાહરી, તાદર્શ-
રૂપે મુજથી કહીય ન જાય જો; વાત વિચારી મનમાં
ચિન્તા મોટકી, કોઇ બતાવો સ્વામી સરળ
ઉપાય જો વિનતડી મન મોહન મારી સાંભળો. ૬
અતિશય ધારી ઉપગારી પ્રભુ તું મળ્યો.
મુજ મન માંહે પૂરો છે વિશ્વાસજો, ધર્મરત્ન ત્રણ
નિર્મલ રત્નો આપજો કરજો આતમ પરમાતમ
પ્રકાશજો. વિનતડી મન મોહન મારી સાંભળો. ૭

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir

# નવકારમંત્રના દુહા

સમરો મંત્ર વડો નવકાર, એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહીં પાર, એનો અર્થ અનંત અપાર-
સમરો. ૧

સુખમાં સમરો દુખમાં સમરો, સમરો દીવસ ને રાત,
જીવતાં સમરો મરતાં સમરો, સમરો સહુ સંઘાત-
સમરો. ૨

યોગી સમરે ભોગી સમરે, સમરે રાજા રંક,
દેવો સમરે દાનવ સમરે, સમરે સુખ નિઃશંક-
સમરો. ૩

અડસઠ અક્ષર એનાં જાણો, અડસઠ તીરથ સાર,
આઠ સંપદાથી પરમાણો, અડસિદ્ધિ દાતાર-
સમરો. ૪

નવપદ એનાં [illegible] ભવના દુઃખ કાપે,
વીરવચનથી [illegible]મ પદ આપે-
સમરો. ૫

Serving JinShasan
110550
gyanmandir@kobatirth.org

શ્રી હરિહર પ્રિન્[illegible]લાલ હિંમતલાલે છાપ્યું.
ખાડીયા ચાર રસ્તા, અમદાવાદ.

For Private And Personal